**આજનો સુવિચાર**

તમે તમારા દુશ્મન માટે જે આગ સળગાવશો તે તેના કરતા તમને વધુ દઝાડશે...

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૧૫ જૂનાગઢ તા.૨૮-૧૨-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 15, Junagadh : Date : 28 December, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# અલવિદા મનમોહનસિંહ...







નવી દિલ્હી, તા.૨૮ દેશના પૂર્વ વડાપ્રધાન તથા ભારતીય આર્થિક સુધારા-ઉદારીકરણનાં શિલ્પી ડો.મનમોહનસિંહના નિધન બાદ આજે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

ડો.મનમોહનસિંહના પાર્થિવ શરીરને આજે સવારે કોંગ્રેસ વડામથકે અંતિમ દર્શનાર્થે રાખવામાં આવ્યું હતું અને ત્યાંથી અંતિમયાત્રા યોજાઈ હતી. કોંગ્રેસ પ્રમુખ ખડગે, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વગેરેએ ફુલહાર કરીને અંતિમ દર્શન કર્યા હતા. મોટી સંખ્યામાં કોંગ્રેસ સહીતનાં રાજકીય નેતાઓ, આગેવાનો, કાર્યકરો અંતિમ દર્શન કરવા માટે પહોંચ્યા હતા.

નિગમ બોધઘાટ ખાતે અંતિમ સંસ્કાર વખતે ઉપસ્થિત નેતાઓ-કાર્યકરો સહીત લાખો દેશવાસીઓની આંખો ભીની થઈ હતી. ૨૧ તોપની સલામી સાથે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે તેઓનાં અંતિમ સંસ્કાર કરાયા હતા.

દેશમાં સાત દિવસનો શોક જાહેર કરવામાં આવ્યો હતો. પ્રખર અર્થશાસ્ત્રી એવા ડો.મનમોહનસિંહ રિઝર્વ બેન્કનાં ગવર્નરથી માંડીને વડાપ્રધાન પદ સુધી રહી ચુકયા હતા અને આર્થિક સુધારા સાથે ભારતીય અર્થતંત્રને વૈશ્વિક દિશામાં મુકવાનો પાયો નાખ્યો અને નબળા પડી ગયેલા અર્થતંત્રને પાટા પર ચડાવી દીધુ હતું.

ડો.મનમોહનસિંહના અંતિમ સંસ્કાર અંતિમ દર્શનમાં રાષ્ટ્રપતિ ડો.દ્રૌપદી મુર્મુ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સહીત તમામ કેબીનેટ પ્રધાનો-નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાર્થિવદેહ પંચમહાભૂતમાં વિલિન

### ડો.મનમોહનસિંહના સ્મારક માટે કેન્દ્ર સરકાર દિલ્હીમાં જમીન આપશે

કેન્દ્ર સરકારે પૂર્વ વડાપ્રધાન ડો.મનમોહન સિંહની યાદમાં રાષ્ટ્રીય રાજધાનીમાં એક સ્મારક બનાવવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા આ માહિતી આપવામાં આવી છે. એક અખબારી યાદી બહાર પાડીને ગૃહ મંત્રાલયે કહ્યું કે શુક્રવારે સવારે સરકારને કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ તરફથી ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વર્ગસ્થ ડૉ. મનમોહન સિંહના સ્મારક માટે જગ્યા ફાળવવાની વિનંતી મળી હતી. કેબિનેટની બેઠક પછી તરત જ ગૃહ પ્રધાન અમિત શાહે કોંગ્રેસ અધ્યક્ષ ખડગે અને સ્વર્ગસ્થ ડૉ. મનમોહન સિંહના પરિવારને કહ્યું કે સરકાર સ્મારક માટે જગ્યા ફાળવશે.

### બાબા વેંગાની ખતરનાક ભવિષ્યવાણી : શું આગામી વર્ષે વિશ્વનો અંત આવી જશે ?

નવી દિલ્હી તા.૨૮ : બાબા વેંગાની આગાહી પ્રમાણે યુરોપમાં આંતરિક સંઘર્ષ થશે અને રાજકીય અસ્થિરતાની અસર એટલી મોટી હશે કે વસ્તીમાં ભારે ઘટાડો થઈ શકે છે. એટલું જ નહીં, તેમણે એવી આગાહી પણ કરી કે વર્ષ ૨૦૨૫માં મોટો વિનાશ શરૂ થઈ શકે છે. વર્ષ ૨૦૨૫માં કુદરતી આફતો (ભૂકંપ, તોફાન, પૂર) મનુષ્યો માટે ખતરનાક સાબિત થઈ શકે છે.

### અંબાણી પરિવારે જામનગરમાં સલમાનખાનના જન્મદિવસની ભવ્ય ઉજવણી કરી

મુંબઈ, તા.૨૮: બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાને શુક્રવારે પોતાનો જન્મદિવસ ધામધૂમથી ઉજવ્યો છે. આ ખાસ અવસર પર, અંબાણી પરિવારે ગુજરાતના જામનગરમાં એક ભવ્ય પાર્ટી આપી હતી, જ્યાં એવું લાગતું હતું કે જાણે દિવાળીની ઉજવણી કરવામાં આવી રહી છે. આ પ્રસંગે દિવાળીની જેમ જ ફટાકડા ફોડવામાં આવ્યા હતા. સલમાન ખાનના જન્મદિવસની ઉજવણી કરવા માટે તેનો આખો પરિવાર ચાર્ટર્ડ પ્લેન દ્વારા જામનગર પહોંચ્યો હતો. આ પ્લેનનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. અંબાણી પરિવારે સલમાનખાનના જન્મદિવસની જોરદાર ઉજવણી કરી હતી.


**મકાન વેંચવાનું છે**

જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે

:: કોન્ટેક ::

મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫













**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
**(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

**CARE+ LABORATORY**

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005

**અમારી બીજી બ્રાન્ચ**
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

**હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ**
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત ~~2870/-~~

**હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ**
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,ક્લોરાઇડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત ~~5050/-~~

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.

કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦

કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

# રિલાયન્સના આર્થિક અનુદાનથી જામનગર શહેરને મળશે 'વસવાટ વચ્ચે વન'





## જામનગર મહાનગરપાલિકાના ગાર્ડન રીઝર્વ પ્લોટ - સોનલનગરમાં ૧૫૦૦૦ વૃક્ષોની હરિયાળી લહેરાશે : હાર્ટફૂલનેસ સંસ્થા દ્વારા વૃક્ષોના ઉછેર- સંભાળની જવાબદારી સ્વીકારાઈ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૮

રિલાયન્સ ઈંડસ્ટ્રીઝના આર્થિક અનુદાનથી જામનગર શહેરને આગામી દિવસોમાં એક કાયમી ભેટ સમું વનોદ્યાન ભેટ મળવા જઈ રહ્યું છે. ગ્રુપ પ્રેસીડેન્ટ ધનરાજભાઈ નથવાણીની મંજૂરીથી સામાજિક ઉત્તરદાયિત્વના ભાગ રૂપે જામનગર શહેરના ગોલ્ડન સીટીની પાછળના ભાગમાં સોનલનગર વિસ્તારમાં જામનગર મહાનગરપાલિકા દ્વારા ગાર્ડન માટે રિઝર્વ રાખવામાં આવેલ ૮ એકર જમીનમાં ૧૫૦૦૦ વૃક્ષો રોપીને ઉછેરવાની જવાબદારી હાર્ટફૂલનેસ ઈંસ્ટીટ્યુટ નામની સંસ્થા દ્વારા સ્વીકારવામાં આવી છે. રિલાયન્સના સ્થાપક ધીરૂભાઈ અંબાણીની જન્મજયંતિના અનુસંધાને રિલાયન્સના પ્રતિનિધી, મહાનગરપાલિકાના નાયબ કમિશનર, આસી. કમિશનર, હાર્ટફૂલનેસ સંસ્થાના પ્રતિનિધી તથા સ્વયંસેવકોની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરી બાયોડાયવર્સીટી પ્લાન્ટના આ પ્રોજેક્ટનો પ્રારંભ કરાયો હતો. ઉલ્લેખનીય છે કે, હૈદરાબાદ ખાતે મુખ્યમથક ધરાવતી હાર્ટફૂલનેસ ઈંસ્ટીટ્યુટના મુખ્ય વ્યવસ્થાપક પદ્મશ્રી કમલેશ પટેલ(દાજી) છે જેઓ દેશભરમાં ધ્યાન અને યોગના પ્રસાર ઉપરાંત ફળદ્રુપ ખેતી અને ફોરેસ્ટસ બાય હાર્ટફૂલનેસ પ્રોજેક્ટ દ્વારા વનીકરણ માટે કાર્યરત છે. જામનગર ખાતે વસવાટ વચ્ચે સ્થપાનાર આ વનમાં વાંસ, ખુબ મોટાં ઘટાદાર વૃક્ષો અને નાનાં વૃક્ષો એવી વ્યુહાત્મક રીતે રોપવામાં આવશે કે જેથી પક્ષીઓ સહિતના જીવ વૈવિધ્યને વસવાટ અને વિકાસ માટે પૂરતી તક મળી રહે. આ ઉપરાંત જામનગર મહાનગરપાલિકા દ્વારા આશરે ૧.૨૫ કીમીનો વોકીંગ ટ્રેક બનાવાશે. જેના ઉપર ચાલનારને વનપરિભ્રમણ જેવી અનુભુતિ થશે. જામનગર મહાનગરપાલિકાએ આ કાર્યમાં ઉપયોગ માટે .આઠ એકર જમીનની મંજૂરી આપી છે અને હાર્ટફૂલનેસ ઈંસ્ટીટ્યુટ તેની આનુષાંગિક તમામ જવાબદારી વહન કરશે. રિલાયન્સ દ્વારા આ કાયમ માટે ઉપયોગી થનાર પ્રોજેક્ટ માટે મોટી રકમનું અનુદાન આપવામાં આવ્યું છે.

# જૂનાગઢ ખોડલધામ યુવા સમિતિ દ્વારા નિરાશ્રિત લોકોને નિઃશુલ્ક ધાબળા વિતરણ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ શહેરની ખોડલધામ યુવા સમિતિના સદસ્યો દ્વારા જૂનાગઢ શહેરમાં વિવિધ જગ્યાએ ઘર પરિવારથી વિમુક્ત એવા નિરાશ્રિત વ્યક્તિઓ રેલવે સ્ટેશન કે જાહેર સ્થળોએ પોતાનું આશ્રય સ્થાન બનાવીને રહેતા હોય છે, ત્યારે આવા લોકોને શિયાળાની કડકડતી ઠંડીનો સામનો કરવા માટે કોઈ સાધન કે પાગરણ ન હોય તે આ ઠંડીમાં યાતના સભર ઠુઠવતા હોવાનું જાણવા મળતા ખોડલધામ યુવા સમિતિના યુવાનો દ્વારા તાકીદે ધાબળાનું વિતરણ કરવા કાર્યક્રમ કર્યો હતો. આશરે ૪૦ જેટલા યુવાનો શહેરના વિવિધ રાજમાર્ગો ,રેલવે સ્ટેશન, બસ સ્ટેશન કે ભવનાથ, જ્યાં અનુકૂળ જગ્યા હોય ત્યાં આશ્રય સ્થાન લઈને શિયાળાનો સામનો કરતા આવા લોકોને સહાયરુપ બનવા રાત્રીના સમયે ધાબળા ઓઢાડીને માનવતાની સુવાસ ફેલાવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રેલ્વેસ્ટેશન, બસસ્ટેશન, મોતીબાગ, ભવનાથ, ટીંબાવાડી, ઝાંઝરડા રોડ, મોતીબાગ, કાળવા વિસ્તારમા ખુલ્લામા સુતેલા જરૂરિયાત મંદ લોકોને ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ, સંજય પાદરીયા, જૂનાગઢ જિલ્લા ખોડલધામ સમિતિ કન્વીનર પરેશભાઈ ડોબરીયાના માર્ગદર્શન હેઠળ યુવા સમીતી જૂનાગઢ દ્વારા દર વર્ષની જેમ આ વખતે પણ રેલ્વેસ્ટેશન, બસસ્ટેશન, મોતીબાગ તથા ભવનાથ વિસ્તારમા કડકડતી ઠંડીમાં ખૂલ્લામાં સુતેલા લોકોને ધાબળા વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે યુવાસમિતિના અભય રીબડીયા, રવિ રૈયાણી, કુલદીપ સુર્યા, મેહુલ સાવલિયા સહિતના ૪૦ જેટલા યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# પવિત્ર ધનુર્માસ- શનિવાર નિમિત્તે શ્રી કષ્ટભંનજન દેવને હિમવર્ષાની ઝાંખી કરાઈ અને દાદાને ૧૧૦૦ કિલો ગોળનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો

(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૨૮

સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી (અથાણા વાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી પવિત્ર ધનુર્માસ નિમિત્તે તારીખ ૨૮-૧૨-૨૦૨૪ને શનિવારના રોજ શ્રીકષ્ટભંજનદેવને શ્રી કષ્ટભંજનદેવ દાદાને હિમવર્ષાની ઝાંખીકરાવવામાં આવી હતી.આજે સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી તથા ૭:૦૦ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. સવારે ૯:૦૦ કલાકે શ્રીકષ્ટભંજનદેવ દાદાને ૧૧૦૦ કિલો ગોળનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. યજ્ઞશાળામાં મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. પવિત્ર ધનુર્માસ નિમિત્તે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર આયોજીત સાળંગપુરધામમાં પારિવારિક શાંતિ માટે મંદિરના પટાંગણમાં યજ્ઞશાળામાં શ્રી હનુમાન ચાલીસા યજ્ઞનું આયોજન તા.૧૬-૧૨-૨૦૨૪ થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ સુધી કરવામાં આવ્યું છે. યજ્ઞશાળામાં શ્રી હનુમાન ચાલીસા યજ્ઞ સવારે ૭ થી ૧૨ અને સાંજે : ૩ થી ૬ કલાક દરમિયાન પવિત્ર ભૂદેવો વડે પૂજન-અર્ચન-આરતી



કરવામાં આવી રહ્યા છે. હજારો ભક્તોએ આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

# સરખેજ ખાતે સમસ્ત કોળી સમાજ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર શિક્ષણ ભવન નિર્માણ અર્થે મીટીંગ મળી



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૮

સમસ્ત કોળી સમાજ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર શિક્ષણ ભવન નિર્માણ અર્થ સમસ્ત ગુજરાત કોળી સમાજની બેઠક શ્રી ઉમિયા ધામ સરખેજ ગાંધીનગર હાઈવે ખાતે કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં વિદ્યાર્થીઓના શિક્ષણના હેતુ માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ તકે કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા રાજયસભાના સાંસદ ડો.જસવંતસિંહ તથા મંત્રી બચુભાઈ ખાબડ, ધારાસભ્ય કાળુભાઈ ડાભી, ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયા તથા દેવાંભાઈ માલમ ધારાસભ્ય, ધારાસભ્ય શીવાભાઈ ગોહિલ તથા અન્ય ધારાસભ્યઓ તથા ભુપતભાઈ ડાભી માંધાતા અધ્યક્ષ તથા રાજયસભાના પૂર્વ સાંસદ શંકરભાઈ વેગડ તથા રાજુભાઈ સોલંકી માંધાતા ગ્રુપ ભાવનગર ગુજરાત રાજયના કોળી સમાજના મુખ્ય આગેવાનો, બહેનો, ઉપસ્થિત રહ્યા હતા. કોળી સમાજના માટે શિક્ષણની માટેનું ભવન નિર્માણ અર્થ થાય તે માટે અથાગ પ્રયત્નો કરવા માટે આ આયોજન કરવામાં આવ્યું હતું. ગીર સોમનાથ જિલ્લામાંથી મુખ્ય આગેવાનોમાં કાનાભાઈ ગઢીયા પ્રમુખ અખિલ ભારતીય કોળી સમાજ ગીર સોમનાથ તથા ગોવિંદભાઈ બાંભણિયા અખિલ ભારતીય કોળી સમાજ ઉ. પ્રમુખ ગીર સોમનાથ ઉપસ્થિત રહ્યાં હતાં અને આગામી સમયમાં ગીર સોમનાથ જિલ્લાની આયોજન માટેની ચર્ચા કરવામાં આવી હતી અને આ સેવા કાર્યોમાં કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા દ્વારા ૫૧ લાખનો ફાળો આપ્યો હતો.

## ૨૮ ડિસેમ્બર ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને ૧૩૯ વર્ષ થયા

# સોમનાથ-પ્રભાસ-પાટણમાં બીતે હુવે દિન કી દબદબાની વાતો...

**કોંગ્રેસના અધ્યક્ષપદ સાથે પણ જોડાયેલો છે સૌરાષ્ટ્રનાતો : ઉછરંગરાય ઢેબર ૧૯૫૫ થી ૧૯૫૯ સુધી કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ પદે બિરાજમાન રહ્યા હતા**

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૮

દેશની સત્તા પુનઃ પ્રાપ્ત કરવા જે પક્ષ ઝઝુમી રહ્યો છે તેવા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને ૨૮ ડિસેમ્બરે સ્થાપન દિવસ છે. કોંગ્રેસની સ્થાપના ૨૮ ડિસેમ્બર ૧૮૮૫ના રોજ મુંબઈ મુકામે રાષ્ટ્રીય અધિવેશનમાં થઈ હતી કે જેના મહાસચિવ-સંસ્થાપક એ.ઓ. કયુમ હતા અને મુંબઈના ગોકુલદાસ તેજપાલ સંસ્કૃત મહાવિદ્યાલય ખાતે ૭૨ પ્રતિનિધિઓની હાજરીમાં થઈ હતી. આવા ૧૩૯ વરસનો દમદાર ઈતિહાસ ધરાવતી કોંગ્રેસને આઝાદી પહેલા અને આઝાદી પછીના થોડા વર્ષો સુધી સોમનાથ વિસ્તારમાં હતો કે તે જમાનામાં કોંગ્રેસના કાર્યકરો સમર્પિત હતા. ખાદી ટોપી, ધોતી, બંડી, ઝબ્બો વણલખ્યા સિધ્ધાંત મુજબ પહેરતા અને સોમનાથની શેરીઓમાં એ વખતે સુત્ર ગાજતું કે બે બળદની જોડી, કોઈ ન શકે તોડી તે જમાનામાં કોંગ્રેસનું નિશાન બે બળદની જોડી હતી. તે જમાનામાં પ્રજા વધુ નિરક્ષર હતી પરંતુ કોંગ્રેસ પકડ અને બ્રાન્ડ એવી મજબુત હતી કે ગામમાં ઈન મીન અને તીનની જ વસ્તી હોય છતાં કોંગ્રેસના નામે જીતી જતા. કોંગ્રેસના પ્રધાન ફકત પ્રશંગોપાત જ આવતા પરંતુ તેના નામ અને ખાતા એટલીસ્ટ ભણેલ-ગણેલ લોકોને મોઢે રહેતા નેતાઓ ચૂંટણી સમયે હેલીકોપ્ટરમાં આવતા તે સમયે હેલીકોપ્ટર કૌતુક હતું. જે જોવા ગામના બાળકો સાથે સપરિવાર અધરીયું જો ઉમટતા.

વર્ષ ૧૯૫૫થી ૧૯૫૯ સુધી સૌરાષ્ટ્રના તત્કાલીન મુખ્યમંત્રી ઉછરંગરાય નવલશંકર ઢેબર ત્રણ ટર્મ સુધી રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ તરીકે સુપેરે જવાબદારી નિભાવી હતી. એમ કહેવાય છે કે ખુદ જવાહરલાલ નહેરૂએ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષપદે ઉછરંગભાઈ ઢેબરનું નામ પસંદ કર્યું હતું. રાષ્ટ્રીય સ્તરે ૧૯૨૪માં મહાત્મા ગાંધીજી બાદ ઢેબરભાઈ જ એક એવા સૌરાષ્ટ્રીયન હતા જે રાષ્ટ્રીય સ્તરે ઝળક્યા એટલું જ નહી કદાચ ઢેબરભાઈ એવા છેલ્લા નેતા હતા કે જેના પછી ગુજરાતમાંથી અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાંથી કોઈ નેતા બન્યાનું સાંભળ્યું નથી. કદાચ ઈતિહાસ નોંધમાં એ છેલ્લા સૌરાષ્ટ્રના નેતા હશે. કોંગ્રેસ રાષ્ટ્રીય પ્રમુખ બન્યા બાદ તેમણે મુખ્યમંત્રી તરીકે રાજીનામું આપ્યું હતું અને તામિલનાડુમાં ભરાયેલ ૧૯૫૫માં કોંગ્રેસ અધિવેશનમાં તેમને તે તાજ પહેરાવવામાં આવ્યો હતો. મજાની વાત એ પણ છે કે ઢેબરભાઈ રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા તે વખતે તેઓ કારોબારીના સભ્યો પણ ન હતા છતાં પક્ષે તેમને સુકાન સોંપવાનો નિર્ણય કર્યો હતો.

# દેશના પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહનસિંહના નિધનના પગલે રાજકોટ શહેર ઝોન કક્ષાની કલા મહાકુંભ ૨૦૨૪ની સ્પર્ધાઓ મોકૂફ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૮

દેશના પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહનસિંહના નિધનના પગલે દેશમાં સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે. જેથી રાજકોટ શહેર ઝોનકક્ષાની કલા મહાકુંભ-૨૦૨૪ અંતર્ગત યોજાનારી તમામ સ્પર્ધાઓ - કાર્યક્રમ હાલ મોકુફ રાખવામાં આવ્યા છે. ગુજરાત સરકારશ્રીના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તેમજ કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર આયોજીત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, રાજકોટ દ્વારા સંચાલિત "કલા મહાકુંભઃ ૨૦૨૪-૨૫ ઝોનકક્ષાની સ્પર્ધા માટે નવા કાર્યક્રમની તારીખ આગામી સમયમાં નક્કી થયા પછી જાહેર કરાશે, તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશ દિહોરાની યાદીમાં જણાવાયું છે.



:: જોઈએ છે ::
ઓફીસ વર્ક તેમજ કોમ્પ્યુટરનાં જાણકાર લેડીઝ સ્ટાફ જોઈએ છે માત્ર જૂનાગઢ રહેતા રહેવાસીઓ માટે
:: કોન્ટેક ::
મો. ૯૯૦૯૬ ૨૧૯૪૦

રોયલ ગેસ સ્ટવ
૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G. ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા
દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં
વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ
રોયલ ગેસ સ્ટવ
એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે
માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે, મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ
મો. ૮૮૬૬૦ ૨૭૬૧૩

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

ટયુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો


ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શિયાળાની ગુલાબી ઠંડી માટે ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે તથા ગાયનું તાજુ ઘી આવી ગયું છે
વિજય ઘી ડીપો
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
મો.૯૮૭૯૩ ૭૬૦૨૮

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

બેકરી શો-રૂમમાં કામ કરી શકે અનુભવી માણસોની જરૂર છે બહુ જ સારો પગાર મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

### પાંચ દિવસીય મહોત્સવમાં યુવા, કૃષિ, સામાજીક સરરસતા બાદ ગઈકાલે મહિલા તથા સમરસતા સંમેલન યોજાયા

# સિદસર શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવ બન્યો પાટીદારનો કુંભ મેળો

### દાતાઓની દિલેરી ધન દાન અને સ્વયંસેવકોના શ્રમદાન-સમયદાનને બિરદાવતા મહોત્સવના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણી : મોટીવેશન, સ્પીકર નિશાબેન બુટાણીનું પાટીદાર મહિલા સંમેલનમાં ઉદબોધન

## માં ઉમીયાના ચરણે શીશ ઝુકાવતા સૌરાષ્ટ્રનો પાટીદાર સમાજ : ભકતો માટે ભાવતા ભોજનીયા : ગૃહ પ્રવેશ વખતે વહુ નહિ પરંતુ દિકરી આવે તો વૃધ્ધાશ્રમો બંધ થઈ જાય સાંસદ : કવીતા પાટીદાર

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૮

ઉમિયાધામ સિદસર પરિશ્રમ અને શિક્ષણ થકી પ્રગતીના સોપાનો સર કરતા કડવા પાટીદાર સમાજના આરાધ્યદેવી માં ઉમીયા માતાજીના પ્રાગટયના ૧૨૫ વર્ષની ઉજવણી પ્રસંગે જામજોધપુર તાલુકાના સિદસર ખાતે યોજાયેલા શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં બે દિવસમાં યુવા ,કૃષિ, સામાજીક સંમેલન બાદ ગઈકાલે શુક્રવારે ત્રીજા દિવસે વિશાળ મહિલા સંમેલન તથા સમરસતા સંમેલનમાં વિવિધ ક્ષેત્રના આગેવાનોએ પાટીદાર સમાજની માં ઉમિયાની આધાધના થકી સરસ્વતીની આરાધનાના સુત્રને સાથર્ક કરતી ઉમિયા સમૃધ્ધિ યોજનાના માધ્યમથી રૂા.૪૦૦ કરોડના સમાજ વિકાસના કાર્યને બિરદાવી છે.

ઉમિયાધામ-સિદસર ખાતે ગઈકાલે ત્રીજા દિવસે શુક્રવારે સવારે વિશાળ મહિલા સંમેલનમાં સમારોહના અધ્યક્ષ તરીકે ઉમીયા માતાજી મંદિર પ્રમુખ જેરામભાઈ વાંસજાલીયાએ જણાવ્યું હતુ કે, પાટીદાર સમાજની મહિલાઓ અપાર શકિતઓ ધરાવે છે. મહિલાઓના સથવારે સમાજ સર્વાંગી વિકાસની દિશામાં મહિલાઓ દિકરાઓના ઉછેર વ્યસન, મુકત અને સંયુકત પરિવારની ભાવના કેળવી દિશામાં અગ્રેસર બને તેવી હાક, કરી હતી. વાંસજાલીયાએ પાટીદાર સમાજના વડીલોએ પ્રામાણિકતા રાખીને સંપતિ વેચીને પણ કરજ ચુકવી ઈમાનદારીનું ભાથુ બાંધ્યુ છે. પાટીદાર સમાજે સર્વાંગી વિકાસ કર્યો છે ત્યારે ગુજરાતની માફક મધ્યપ્રદેશના પાટીદારો પણ સામાજિક ક્ષેત્રે વિકાસ સાધે અને ગુજરાતના પાટીદારો સાથે નાતો મજબુત બનાવે તેવી અપીલ કરી હતી.

મધ્યપ્રદેશના સાંસદ કવીતાબેન પાટીદારે ઉમિયા ભકિત અને માતૃશકિત વિશે વાત કરતા જણાવ્યું હતુ કે ગુજરાતના પાટીદાર સમાજે કન્યા કેળવણી ક્ષેત્રે ઉમદા કામગરી કરી છે. મહિલાઓએ પોતાનું અસ્તિત્વનું સન્માન કરવું જોઈએ. જગતજનની માં અને ધરતી માતા અને જન્મ દેનારી માનું પુજન થાય તે આવકાર્ય છે. લગ્ન વેળાએ દિકરી સાત ફેરા પૈકી એક ફેરો સંયુકત કુટુંબને ટકાવી રાખવાનો પર્ણ લે છે. ત્યારે ગૃહ પ્રવેશ કરતી વખતે વહુ નહિ પરંતુ દિકરી આવે તો ઝડપથી વધતા વૃધ્ધાશ્રમો બંધ થઈ જશે. અન્ય સમાજની તુલનાએ પાટીદાર સમાજે દિકરીઓમાં શિક્ષણ, સંસ્કાર અને પ્રોત્સાહનનું સિંચન કયુ'' છે. સ્વીઝરલેન્ડના મોટીવેશન, સ્પીકર નીશાબેન બુટાણીએ મહિલાઓની કુટુંબ ભાવના અને પરીવાર અંગે પ્રકાશ પાડતા જણાવ્યું હતુ કે, સુંદર સમાજના નિમાર્ણ માટે સંયુકત કુટુંબ જરૂરી છે. કોરોના કાળ વિદેશોમાં પણ સંયુકત કુંટુંબ વધી રહયા છે. ત્યારે પાટીદાર સમાજમાં સંયુકત પરિવારની ભાવના કેળવવી પડશે. ઉદાહરણ સાથે તેમણે પરિવારમાં સબંધો ફેકી દેવાના બદલે જોડવાની પ્રથાની હાકલ કરી હતી.

ઉમિયા માતાજી મંદિર પ્રેરીત ઉમિયા પરિવાર મહિલા સંગઠનના સૌરાષ્ટ્ર પ્રમુખ સરોજબેન મારડીયાએ પ્રવર્તમાન સમયે ગ્રહસ્થ જીવનમાં પાટીદાર મહિલાઓની ભુમીકા અંગે વાત કરતા જણાવ્યું હતુ કે, સંયુકત પરિવારની ભાવના લુપ્ત થઈ રહી છે. વડીલોને માન-સન્માન આપવા, દિકરા-દિકરીના વેવિશાળની સમસ્યા અને લગ્ન પ્રસંગે ખોટા ખર્ચા, દેખા-દેખી, પ્રિવેડીંગ, બેબી સાવર જેવા નવા રીવાજોને તિલાંજલી આપવાની તાતી જરૂરીયાત છે.

મહિલા સંમેલનમાં રાજકોટના મહિલા ઉદ્યોગપતિ અને ઉમીયાધામના ટ્રસ્ટી નીશાબેન વડાલીયાએ જણાવ્યુ હતુ કે, નારીશકિત અને નારી અંગે વિસ્તૃત સમજ આપી મહિલાઓ ઘરમાં એકાઉન્ટ, ટીચર, સામાજીક ભુમિકા ભજવતી હોય છે. ઘર પરિવારમાં રહી બાળકોની કેળવણીનું ઉતમ કાર્ય કરે છે. મહિલાઓએ આવડત કેવળી વ્યાપાર ધંધામાં અગ્રેસર થવું જોઈએ. મહિલા તબીબ ડો. નીશાબેન શાખાતએ મહિલાઓ દરેક ક્ષેત્રમાં મહત્વનો રોલ ભજવી શકે. દિકરી, માતા, સાસુ સહીતની જવાબદારી સાથે સમાજમાં સમયદાન, શ્રમદાન દ્વારા સામજિક ક્ષેત્રે કામ કરવું જોઈએ. તેમણે સૌરાષ્ટ્રમાં પાટીદાર સમાજના ભાઈઓમાં તમાકુના વ્યસનથી કેન્સરનું પ્રમાણ તથા બહેનોમાં બ્રેસ્ટ કેન્સરનું પ્રમાણ ઉંચુ હોવાનું જણાવી ઉમિયા માતાજી મંદિર દ્વારા જાગૃતિ અને કેમ્પ દ્વારા થતા કાર્યોને બિરદાવ્યા હતા. રાજકોટના બાન ગ્રુપન સોનલબેન ઉકાણીએ જણાવ્યું હતુ કે સંયુકત પરીવારને ટકાવી રાખવા સાસુનું પુજન કરવું જોઈએ. છુટાછેડાના પ્રશ્નો આધુનિક સમયે દિકરીઓના બીન જરૂરી ખર્ચ અંગે ચિંતા વ્યકત કરતા સમાજમાં અગ્રણીઓના માર્ગદર્શન અને પ્રેરણાથી જીવન ધોરણ અપનાવાના અભિગમની હિમાયત કરી હતી. નયનાબેન ભાલોડીયા એ સ્વાગત પ્રવચન, મહિલા સંગઠન ગુજરાત ઝોનના પ્રમુખ જયશ્રીબેન ટીલવાએ આભાર વિધી કરી હતી.

અતિથિ વિશેષ તરીકે પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, સોનલબેન ઉકાણી, શોભનાબેન પાણ, ભાવનાબેન કોટડીયા, દક્ષાબેન ધરસંડીયા, દક્ષાબેન હદવાણી, ભાનુબેન સવસાણી, નિકિબેન વાછાણી, હર્ષાબેન ગોવાણી, જલ્પાબેન આદ્રોજા, માનસીબેન કુંડારીયા, અંજુબેન જાવીયા, પ્રફુલાબેન રાણીપા, ઉષાબેન અમૃતિયા ઉપસ્થિત રહયા હતા.

મહિલા સંમેલન પૂર્વ વિજાપુરા વિદ્યા સંકુલથી મહોત્સવના સભા મંડપ પાસે બાર જયોતિલીંગ સુધી ૧૨૫૦ દિકરીઓ માથા ઉપર ઝવેરાની શોભા યાત્રા યોજાઈ હતી. શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમા માં ઉમિયા પ્રત્યે ભકિત-ભાવ દર્શાવવા સૌરાષ્ટ્રભરના વિવિધ શહેરો ગામોમાં ૧.૨૫ લાખ બહેનોએ હાથમાં માંના નામની મહેંદી મુકી મહોત્સવમાં સહભાગી બની છે. ૧૨૫૦ બાળાઓના પુજન-આરતી દ્વારા માતૃશકિત વંદનાનો સંદેશો આયોજકોએ આપ્યો છે. સામાજિક ક્ષેત્રે મહિલાઓ પણ પુરૂષોની સમોવડી બની રહે તેવા ઉદેશ સાથે મહિલા સંમેલનમાં મંચ ઉપર સૌરાષ્ટ્ર, ગુજરાતના પાટીદાર અગ્રણીઓને સ્થાન આપ્યું હતું.

ગઈકાલે બપોર બાદ યોજાયેલા સામાજિક સંમેલનમાં ઉદઘાટન કરતા પાટીદારોના સામાજિક જીવન અંગે બોલતા પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલાએ જણાવ્યું હતુ કે, પાટીદારોએ સમય પ્રમાણે અનેક કુરીવાજોને તીલાંજલી આપી છે. પરંતુ સમય સાથે સાથે નવા કુરીવાજો આવી રહયા છે. ત્યારે પાટીદાર સમાજે ફરીવાર માં ઉમિયાના નેજા હેઠળ કુપોષણ દુર કરવા સરકારની યોજના સાથે જોડાવું જોઈએ. પાટીદારના સીમ-શેઢાના રક્ષણ માટે સંયુકત પરિવાર તથા મજબુત નવી પેઢીનું નિમાર્ણ થવું જોઈએ.પાટીદાર સમાજના વડીલોએ ખેત-પેદાશો ઉપજાવી સમાજની સંસ્થાનું નિમાર્ણ કર્યુ હતુ. અત્યારે પાટીદાર સમાજની સંસ્થામાં શિક્ષણ મેળવી નવી પેઢી શિક્ષિત સુખી-સંપન્ન બની મોટી રકમના દાન આપી રહયા છે. નવી પેઢીએ આધુનિક નવી પધ્ધતિથી પશુપાલન-ખેતી તરફ વળવા અનુરોધ કર્યો હતો.

ઉમીયાધામ ખાતે બપોરબાદ યોજાલા સામાજીક સંમેલનમાં સમારોહના અધ્યક્ષ તરીકે ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝાના પ્રમુખ બાબુભાઈ જમનાદાસ પટેલ, ઉમિયામાતાજી મંદિર સિદસરના પ્રમુખ જેરામભાઈ વાંસજાલીયા મહોત્સવના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણી, મહામંત્રી જયેશભાઈ પટેલ, સહ મહામંત્રી કૌશિકભાઈ રાબડીયા,મહોત્સવની આયોજન સમિતિના પ્રમુખ ચીમનભાઈ સાપરીયા, કન્વીનરો ગોવિંદભાઈ વરમોરા, મનસુખભાઈ પાણ, મહોત્સવના મુખ્ય યજમાન જગદિશભાઈ કોટડીયા, પુનીતભાઈ ચોવટીયા ઉમીયા સમૃધ્ધિ યોજનાના બી.એચ.ધોડાસરા સમુધ્ધી યોજના-૨ ના દાતા જીવનભાઈ ગોવાણી, સરદારધામ અમદાવાદના ગગજીભાઈ સુતરીયા, ઉમાધામ ગાંઠીલાના પ્રમુખ નિલેશભાઈ ધુલેશીયા, ઉમિયાધામ નાગપુરના પ્રમુખ જીવરાજભાઈ પટેલર, રાજકોટના મુળજીભાઈ ભીમાણી, ગીંગણીના રમેશભાઈ સાપરીયા, અમેરીકાથી અશ્વિનભાઈ જાવીયા, દિપકભાઈ ગોવાણી ઉપસ્થિત રહયા હતા.

શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં ગોવિંદ પુસ્તકની હાથીની અંબાડી ઉપર શોભાયાત્રા નીકળી

રાજકોટના ગૌપ્રેમી મનસુખભાઈ સુવાગીયા દ્વારા લીખીત ગોવિંદ પુસ્તકનું સીદસર ખાતે શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં વિમોચન કરવામાં આવ્યું છે. ઉમિયા માતાજી મંદિર ખાતેથી ગોવિંદ પુસ્તકને હાથીની અંબાડી પર રાખી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જળક્રાંતિ ટ્રસ્ટના મનસુખભાઈ સુવાગીયાના પુસ્તક ગોવિંદ તથા સુરેન્દ્રનગરના શેરડીયા પરિવાર દ્વારા પ્રકાશિત હીસ્ટ્રી ઓફ કડવા પાટીદાર પુસ્તકના ગુજરાતી તથા અંગ્રેજી પુસ્તકનું સામાજીક સંમેલનમાં વિમોચન કરાયું હતુ.

## મહોત્સવમાં ૬૦૦ ડબા ઘી, ૧૫૦૦ ડબા તેલ, ૧૦૦૦ મણ ખાંડ, ૨૦૦૦ મણ લોટ વપરાશે

### ૩૦ મિનીટમાં ૪૦,૦૦૦ જેટલા ભાવીકો જમી શકે તેવું બેનમૂન આયોજન



રાજકોટ, તા.૨૮ : 'અન્ન ભેગા તેના મન ભેગાવ સિદસર ખાતે પાંચદિવસીય શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં કડવા પાટીદારોનો માનવ મહેરામણ ઉભરાય રહયો છે. મા ઉમિયાના દર્શને આવતા ભાવીકોની ભીડને પહોંચી વળવા રસોડા સમિતિ દ્વારા બેનમૂન આયોજન કરવામાં આવ્યુ છે. ૩૦ વિઘા જેટલા વિસ્તારમાં અલગ-અલગ ૧૨ જેટલા ભોજનાલયો બનાવવામાં આવ્યા છે. જેમાં ૨૦૦૦ સ્વયંસેવકોની ફોજ ખડે પગે સેવા બજાવી રહી છે. આ ઉપરાંત અતિથિ વિશેષ તેમજ સ્વયંસેવકો માટે અલગ ભોજનાલયોની વ્યવસ્થા જીતુભાઈ વાછાણી સંભાળી રહયા છે. રસોડાઘરમાં ૫૦૦ જેટલા રસોઈયા ભાઈઓ-બહેનો નિરંતર કાર્યરત છે. ભોજન પ્રસાદ લેવામાં ભીડ ન જામે અસુવિધા ન થાય તે માટે ૩૦ મિનીટમાં ૪૦,૦૦૦ જેટલા ભાવીકો ભોજન લઈ શકે તેવી ઝડપી અને સુચારૂ વ્યવસ્થા રસોડા સમિતિના અધ્યક્ષ મનસુખભાઈ આરદેશણા, ઉપાધ્યક્ષ રમેશભાઈ મકવાણા, ચંદુભાઈ બારીયા, મંત્રી નાથાભાઈ નાદપરા, સહમંત્રી વલ્લભભાઈ પનારા, ચંદુભાઈ રબારાના માર્ગદર્શન હેઠળ ૧૩ જેટલા કારોબારી સભ્યોની ટીમ દ્વારા કરવામાં આવી છે. શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં પાંચ દિવસ દરમ્યાન અલગ-અલગ સ્વાદિષ્ટ પકવાન-ફરસાણ તેમજ વૈવિધ્યપૂર્ણ વાનગીઓ છાશ સાથે પિરસવામાં આવશે. આ માટે ખાદ્યસામ્રગીનો વિશાળ જથ્થો રસોડા સમિતિ દ્વારા મહોત્સવ સ્થળે એકત્ર કરવામાં આવ્યો છે. જેમાં ૬૦૦ ડબા ઘી, ૧૦૦૦ મણ ખાંડ, ૨૦૦૦ મણ ઘઉંનો લોટ, ૧૦૦૦ મણ ચણાનો લોટ, ૭૫૦ મણ ચોખા, ૩૦૦ મણ તૂવેર દાળ, ૧૫૦૦ ડબા સિંગતેલ, ૨૦,૦૦૦ લીટર દુધ, ૨૦૦૦ મણ બટેટા ઉપરાંત રોજ બરોજ તાજા લીલા શાકભાજી તથા અન્ય વસ્તુઓ વાપરવામાં આવશે. આ ખાદ્ય સમગ્રીમાં વિવિધ દાતાઓનો સહયોગ પણ પ્રાપ્ત થયો છે.

## સિદસર મહોત્સવમાં પાટીદાર ગ્રામીણ સંસ્કૃતિ અને પાટીદાર સંસ્કૃતિ પ્રદર્શન જોવા ભીડ



ઉમિયાધામ સિદસર શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવ સિદસરના પાંચ દિવસીય મહોત્સવમાં વિવિધ ૧૦ જેટલા સંમેલન ઉપરાંત યજ્ઞશાળા, ફિલ્મ નિર્દશન ડોમ, આનંદ મેળો, કૃષિ મેળોની સાથે સાથે પાટીદાર ગ્રામીણ સંસ્કૃતિનું લાઈવ પ્રદર્શનએ ભારે આકર્ષણ જણાવ્યું છે. પાટીદાર સંસ્કૃતિ પ્રદર્શન જોવા પણ ભાવિકો ઉમટી રહયા છે. ખોબા જેવડા સિદસર ખાતે ખેતરોમાં ૧૬ ચો.કી.મી. વિસ્તાર આશરે ૬૫૦ વિઘામાં યોજાયેલ શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં પાટીદારોના જીવન કથન દર્શાવતું પ્રદર્શન લાઈવ પાટીદાર ગ્રામીણ સંસ્કૃતિ મહોત્સવના મુલાકાતીઓમાં ઉત્સાહભેર નિહાળી રહયા છે. જેમાં ૫૫ બહેનોની ટીમ દ્વારા ચુલા ઉપર રસોઈ, વલોણા ઉપર છાશ બનાવતી પાટીદાર મહિલા,ચોપટ રમતા બહેનો, અનાજ દળવાનો ઘંટુડો, ઘોડીયામાં બાળકને સુવડાવતી મહિલા,ગાય દોહતી મહિલાઓ, પટારા ઉપર ડામચીઓ, કાંધી ઉપર પિતળના વાસણો, ઢાળીયા (ખાટલા) ઉપર બેસેલા પાટીદાર વૃધ્ધ સહિતનું લાઈવ નિદર્શન થઈ રહયું છે.અદર બે કલાકે મહિલાઓની શીફટ લાઈવ પ્રદર્શનમાં જોવા મળે છે. ઉપરાંત પાટીદાર સંસ્કૃતિ દર્શનમાં ખેતીના સાધનો, ખેત ઓજારો, ઢીંચણીયા, વલોણું, બળદ ગાડું, રૂ પીંજવાની તાગડી, પટારો સહિતની અનેક વસ્તુઓ પ્રદર્શનમાં મુકવામાં આવી છે.

# સલાયાના વહાણની મધદરિયે જળ સમાધિ : ૯ ખલાસીઓને બચાવી લેવાયા

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૮

સલાયાથી યમન ગયેલ ૯ ખલાસીઓ સાથેના એક વહાણે ખરાબ હવામાનના કારણે મધદરિયે જળસમાધી લીધી હતી. સદનશીબે ખલાસીઓને કોસ્ટગાર્ડે બચાવી લીધા હતા.સલાયાના મુસ્તાક અહમદ સુંભણીયાની માલિકીનું વહાણ જેનું નામના તાજદરએ હરમ છે. જેના રજીસ્ટ્રેશન નંબર બીડીઆઈ-૧૩૨૨ છે. જે તારીખ ૨૪.૧૨.૨૪ નાં રોજ મુન્દ્રા પોર્ટ ઉપરથી જનરલ કાર્ગો ભરી સાંજે ૫ વાગ્યે યમનનાં સોકોત્રા પોર્ટે જવા નીકળ્યું હતું. જેમાં ટંડેલ સહિત ૯ ખલાસીઓ સવાર હતા. આ વહાણ મધદરિયે ખરાબ હવામાનના હિસાબે આગળ વધી શકતું નહતું. આ વહાણ અરબ સમુદ્ર પાર કરી ઓમાનનાં કિનારે પણ જઈ શકાય એમ ન હોઈ અને વહાણ તથા ખલાસીઓની જીદગી બચાવવા આં વહાણને



ભારત તરફ પાછું લાવવા ટંડેલ દ્વારા પ્રયત્ન કરેલ જે દરમ્યાન વહાણનું એન્જિન ફેલ થઈ જતાં. વહાણ મધદરિયે ફસાઈ ગયેલ છે. ખૂબ મોટા પ્રમાણમાં મોજા અને ખરાબ હવામાનના લીધે આ વહાણમાં મોટા પ્રમાણમાં પાણી ભરાવવા લાગ્યું છે. જેથી સેટેલાઈટ ફોન વડે વહાણનાં ટંડેલે ઈન્ડીયન સૈલિંગ વેસલ્સ એશોશિયેશનનાં સેક્રેટરી આદમ ભાયાને જાણ કરતા, આદમ ભાયાએ તુરંત સબંધિત ખાતા તથા મેરિટાઈમ રેસ્ક્યું કોર્ડીનેશન સેન્ટર મુંબઈને ઈમેલ દ્વારા જાણ કરી અને વહાણ તેમજ ખલાસીઓને બચા વવા મદદ માંગેલ હતી. હાલ આ સમાચાર સલાયામાં મળતા સલાયા વાસીઓમાં ચિંતાની લાગણી પ્રસરી છે. આ વહાણમાં સલાયાના ૭ ખલાસીઓ જેમાં આફતાબ અબ્દુલ સકુર કેર (ટંડેલ) , બાઉદિંન ઈસા મોદી, ફૈઝલ એલિયાસ કેર, હૈદરઅલી અબ્દુલ રહીમ કેર,ઈમરાન હારૂન સેતા,સલેમામદ ઉમર કેર,યાસીન મામદ સેતા સવાર છે. તેમજ ઈમરાન હુસેન જગતિયા (આરંભડા) તેમજ જૂનસ કાસમ કકલ (બેડી જામનગર) આમ્ કુલ ૯ મેમ્બરો આં વહાણમાં સવાર હતા. વહાણ આખું ડૂબી ગયું છે અને ખલાસીઓને ઈન્ડીયન કોસ્ટ ગાર્ડ દ્વારા બચાવી લેવાયા છે એવા રિપોર્ટ મળી રહ્યા છે. આમ આં ટૂંકા ગાળામાં વહાણ ડૂબવાનો બીજો બનાવ બનતા વહાણવટી ભાઈઓમાં ચિંતા પ્રસરી છે.

# અદાણીએ મેક ઈન ઈન્ડિયા પહેલ તળે ભારતનો સૌથી મોટો ૮ ટગનો રૂા.૪૫૦ કરોડનો ઓર્ડર કોચીન શિપયાર્ડને આપ્યો

### ૭૦-ટનની બોલાર્ડ પુલ આઠ ટગ્સ માટેના આ ઓર્ડરથી અદાણીનો કાફલો વધીને કુલ ૧૫૨ થશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૮

ભારતની સૌથી મોટી સંકલિત ટ્રાન્સપોર્ટ યુટિલિટી કંપની અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ. (APSEZ)એ કોચીન શિપયાર્ડ લિ. દ્વારા નિર્માણ થનાર અત્યાધુનિક આઠ હાર્બર ટગ્સની આગામી સમયમાં થનાર પ્રાપ્તિ પરત્વે જાહેરાત કરતાં આનંદ વ્યક્ત કર્યો છે.દરિયાઈ ક્ષેત્રે આત્મનિર્ભરતામાં ઉમેરો કરીને સ્થાનિક ઉત્પાદનને વેગ આપીને સરકારના મેક ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારત તરફના પ્રયાણની પહેલ સાથે અદાણીની આ પહેલ બરાબરી કરે છે.

ભારતીય બંદરોમાં જહાજોની આવન જાવન કામગીરીની કાર્યક્ષમતા અને સલામતીમાં નોંધપાત્ર સુધારો કરવા સક્ષમ અંદાજે રૂા.૪૫૦ કરોડની કુલ કરાર કિંમતની આ ટગ્સની ડિલિવરી ડિસેમ્બર ૨૦૨૬માં શરૂ થશે અને મે ૨૦૨૮ સુધી ચાલુ રહેશે તેવી ધારણા છે.

અદાણી પોર્ટ્સ એન સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન લિ.ના પૂર્ણકાલિન ડાયરેકટર અને સી.ઈ.ઓ.શ્રી અશ્વની ગુપ્તાએ જણાવ્યું હતું કેકોચીન શિપયાર્ડ લિ.પાસેથી પ્રાપ્તિનો આ સહયોગ ભારતમાં દરિયાઈ માળખાકીય સુવિધાઓને વધારવા માટેની અમારી પ્રતિબદ્ધતા સાથે આપણા દેશના જાહેર સાહસોમાં અમારો પ્રચંડ વિશ્વાસ દર્શાવે છે.વિશ્વ કક્ષાની આપણી સ્થાનિક ઉત્પાદન ક્ષમતાઓનો લાભ ઉઠાવવા સાથે સુરક્ષા અને કાર્યક્ષમતાના આંતરરાષ્ટ્રીય ધોરણોને અમારી કામગીરી પરિપૂર્ણ કરે છે તેની ખાતરી કરવા સાથે અમારો હેતુ 'મેક ઈન ઈન્ડિયા'ની પહેલમાં યોગદાન આપવાનો છે.

APSEZ એ અગાઉ ઓશન સ્પાર્કલ લિ.માટે કોચીન શિપયાર્ડ લિ.ને ૬૨-ટનના બે બોલાર્ડ પુલ એએસડી (એઝિમુથિંગ સ્ટર્ન ડ્રાઈવ) ટગના બાંધકામનો કરાર કર્યો હતો, આ બંને સમય પહેલાં ડિલીવર કરવામાં આવ્યા હતા અને તેને પારાદીપ પોર્ટ અને ન્યૂ મેંગલોર પોર્ટ પર તૈનાત કરવામાં આવ્યા હતા. વધારાના ત્રણ ASD ટગનું બાંધકામ હાલ ચાલી રહ્યું છે, જે સાથે ટગના ઓર્ડરનો આંક કુલ ૧૩ થયો છે જેનો ઉદ્દેશ્ય બંદર ક્ષેત્રમાં કાર્યક્ષમ અને વિશ્વસનીય સેવાઓ માટે આધુનિક કાફલો પ્રદાન કરવાનો છે. ભારતના આર્થિક વિકાસમાં દરિયાઈ ઉદ્યોગના વ્યૂહાત્મક મહત્વને આ પહેલ શિપબિલ્ડીંગમાં લાંબા ગાળાની પ્રથાઓના મહત્વને રેખાંકિત કરીને તેને વધુ મજબૂત બનાવે છે.

## ખંભાળિયામાં રવિવારે વિનામૂલ્યે એક્યુપ્રેશર તેમજ નિદાન કેમ્પનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૮

ખંભાળિયામાં આવતીકાલ રવિવાર તારીખ ૨૯ મીના રોજ બેઠક રોડ ઉપર આવેલી શેઠ વી.ડી. બરછા નવી લોહાણા મહાજન વાડી ખાતે સવારે ૮ થી બપોરે ૨ વાગ્યા સુધી તેમજ બપોરે ૩:૩૦ થી સાંજે ૭ વાગ્યા સુધી વિનામૂલ્યે એક્યુપ્રેશર તેમજ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.અહીંની જાણીતી સેવા સંસ્થા શ્રી જલારામ અન્નપૂર્ણા ગૃહ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા લંડન સ્થિત જયેન્દ્રભાઈ હિંડોચાના આર્થિક સહયોગથી યોજવામાં આવેલા આ કેમ્પમાં રાજકોટના જાણીતા હિત એક્યુપ્રેશર સેન્ટરના મધુબેન પી. જોશી દ્વારા નિદાન કરવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા માટે નામ નોંધણી ફરજિયાત છે. જેથી શનિવારે તા. ૨૮ મી ના રોજ અત્રે નવી લોહાણા મહાજન વાડી ખાતે સવારે ૧૦ થી ૧૨ તેમાં સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી નામ નોંધાવી જવા આયોજકો દ્વારા નગરજનોને અનુરોધ કરવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

### અમેરિકા ભારતીયો પર મહેરબાન

# દરરોજ હજારો લોકોને નોન ઈમિગ્રેશન વિઝા, ૩ લાખથી વધુને સ્ટુડન્ટ વિઝા




## ઈન્ટરનેશનલ અંડર ગ્રેજ્યુએટ સ્ટુડન્ટ્સમાં ભારતીયોની સંખ્યા ૧૯ ટકા વધીને ૨૦ લાખ થઈ ગઈ છે

વોશિંગ્ટન, તા.૨૮
અમેરિકાએ સતત બીજા વર્ષે ભારતીયોને દસ લાખથી વધુ નોન ઈમિગ્રેશન વિઝા આપ્યા છે. જેમાં રેકોર્ડ સંખ્યામાં વિઝિટર વિઝા સામેલ છે. દેશમાં અમેરિકી મિશનના એક રિલિઝ અનુસાર, ભારત, ૨૦૨૪માં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને મોકલનાર ટોચનો દેશ બન્યો છે. શૈક્ષણિક વર્ષ ૨૦૦૮-૦૯ બાદ પ્રથમ વખત સૌથી વધુ ૩.૩૧ લાખથી વધુ વિદેશી વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે. જેમાં ભારતીયોનું યોગદાન સૌથી વધુ છે. ઈન્ટરનેશનલ અંડર ગ્રેજ્યુએટ સ્ટુડન્ટ્સમાં ભારતીયોની સંખ્યા ૧૯ ટકા વધી ૨૦ લાખ થઈ છે. આ રિપોર્ટ ભારતીયોની પ્રવાસન, વ્યવસાય અને શિક્ષણ માટે અમેરિકાની મુલાકાત લેવાની મજબૂત માંગને રેખાંકિત કરે છે, છેલ્લા ચાર વર્ષમાં ભારતમાંથી આવતા લોકોની સંખ્યામાં પાંચ ગણો વધારો થયો છે, અને ૨૦૨૪ પહેલાં ૨૦ લાખથી વધુ ભારતીયોએ પ્રવાસ કર્યો હતો. છેલ્લા અગિયાર મહિનામાં ૨૦૨૩ના સમાન સમયગાળાની તુલનામાં ૨૬ ટકાનો વધારો થયો છે.

ભારતમાં યુએસ એમ્બેસી દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, ૫૦ લાખથી વધુ ભારતીયો પાસે પહેલાથી જ યુએસ જવા માટે નોન-ઈમિગ્રેશન વિઝા છે અને મિશન દરરોજ હજારો વધુ વિઝા જારી કરી રહ્યું છે.

સ્ટેટ ડિપાર્ટમેન્ટે પણ આ વર્ષે યુનાઈટેડ સ્ટેટ્સમાં ઊ-૧મ વિઝા રિન્યૂઅલ માટે પાઈલટ પ્રોગ્રામ સફળતાપૂર્વક અમલમાં મૂક્યો હતો, જેનાથી ઘણા ભારતીય પ્રોફેશનલ્સને ફાયદો થયો હતો. જેઓ દેશ છોડ્યા વિના તેમના વિઝા રિન્યૂ કરાવી શક્યા છે. હજારો લોકો માટે પ્રક્રિયાને સરળ બનાવવાના પાયલોટ પ્રોજેક્ટની સફળતાને પગલે, ૨૦૨૫માં આ ડોમેસ્ટિક રિન્યુઅલ પ્રોગ્રામને ઔપચારિક રીતે સ્થાપિત કરવાનું લક્ષ્ય રાખે છે.

ભારતમાં યુએસ મિશન ઘણા ઈમિગ્રેશન વિઝા નિયમોમાં સુધારો કરી રહી છે. જે કાયદેસર કૌટુંબિક પુનઃમિલન અને વ્યાવસાયિક સ્થળાંતરને મંજૂરી આપે છે. ઓન અરાઈવલ વિઝા, ગ્રીન કાર્ડ સહિતના વિઝાને પણ વેગ આપે છે.

ઈન્ટરવ્યુ વિના પાત્ર નોન-ઈમિગ્રેશન વિઝા અરજીઓની પ્રક્રિયામાં નોંધપાત્ર વધારો થયો હતો, જેનાથી ભારતીયો માટે વિઝા રિન્યુઅલ સરળ બન્યા છે. ઓપરેશનલ સુધારાઓ અને વૈશ્વિક સંસાધનોના ઉપયોગ દ્વારા, મિશને પર્સનલ ઈન્ટરવ્યુ માટે તેની ક્ષમતામાં વધારો કર્યો છે. એક્સચેન્જ વિઝિટર સ્કિલ્સ લિસ્ટમાંથી ભારતને દૂર કરવાથી ઘણા એક્સચેન્જ વિઝિટર માટે બે વર્ષની હોમ રેસિડન્સની જરૂરિયાત દૂર થઈ છે, જે કારકિર્દીની પ્રગતિ અને શિક્ષણ માટે વધુ સારી તકો પૂરી પાડે છે. આ ફેરફાર ભારતીય ત્ન-૧ નોન-ઈમિગ્રેશન વિઝા ધારકોને વધુ સુગમતા પ્રદાન કરે છે.

## તંત્રી લેખ

# સ્પિનના મહારથીના સોનેરી યુગનો અંત

ભારતીય ક્રિકેટ સ્પિન બોલરોનો ગઢ રહ્યું છે. આ પરંપરાએ હાલના વર્ષોમાં આપણને અનિલ કુંબલે, હરભજન સિંહ અને રવિચંદ્રન અશ્વિન જેવા ખેલાડી આપ્યા છે. અશ્વિને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસની જાહેરાત કરીને બધાને ચોંકાવ્યા છે. ક્રિકેટમાં પોતાના કૌશલનો પરચમ લહેરાવતાં તેણે ભારતને આ મામલે નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું.

અશ્વિને પોતાની કરિયરની શરૂઆત ૨૦૧૦માં ઝિમ્બાબ્વે વિરુદ્ધ વનડે મેચથી કરી હતી. ત્યારબાદ તેણે ટેસ્ટ ક્રિકેટમાં પણ પોતાનું સ્થાન મેળવ્યું અને પોતાની પહેલી જ ટેસ્ટ મેચમાં નવ વિકેટો લઈને પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હતો. અશ્વિનની બોલિંગ સ્ટાઈલ તેને સૌથી અલગ બનાવે છે. તેની ઓફ સ્પિન બોલિંગમાં વિવિધતા, ફ્લાઈટ અને ગતિનું અદ્ભૂત સંયોજન જોવા મળે છે. તેના ‘કેરમ બોલ’એ કેટલાય બેટ્સમેનોને પરેશાન કર્યા અને તેને વિશ્વ ક્રિકેટમાં ખાસ ઓળખ અપાવી. તેની બોલિંગમાં ઊંડાણ અને બેટ્સમેનોને ઓળખી લેવાની ક્ષમતા તેની સફળતાનું મૂળ કારણ રહી છે. કુંબલે અને હરભજન સિંહના સંન્યાસ બાદ ભારતીય ટીમમાં એક એવા સ્પિનરની જરૂર હતી જે ટેસ્ટ ક્રિકેટમાં વિકેટ લઈ શકે અને કઠિન પરિસ્થિતિઓમાં ટીમનો સાથ આપી શકે. અશ્વિને આ જવાબદારી બખૂબી નિભાવી. કુંબલેની જેમ અશ્વિને પણ ટેસ્ટ ક્રિકેટમાં નિરંતરતા અને દઢતા દેખાડી. હરભજનની જેમ આક્રમકતા અને બેટ્સમેનો પર માનસિક દબાણ બનાવવાની કલા શીખી.

અશ્વિનનો અચાનક સંન્યાસ ભારતીય ક્રિકેટ માટે એક યુગના અંત જેવો છે. જોકે તેણે આઈપીએલમાં રમવાનું ચાલુ રાખવાના સંકેત આપ્યા છે, પરંતુ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેની ગેરહાજરી ચોક્કસ સાલશે. તેના સંન્યાસનો નિર્ણય કેટલાય કારણોસર લેવામાં આવ્યો હોઈ શકે છે, જેમાં ઉંમર, શારીરિક થાક અને યુવા ખેલાડીઓને મોકો આપવાની ભાવના સામેલ હોઈ શકે છે. જોકે અશ્વિનના પિતાએ તેની વારંવાર અવગણના થતી હોવાનો આરોપ પણ લગાવ્યો છે. અશ્વિને યુવા ખેલાડીઓને પ્રેરિત કર્યા છે અને સ્પિન બોલિંગની નવી પરિભાષા ઘડી છે.

તેની માનસિકતા, ટેકનિક અને રણનીતિઓ ભારતીય ક્રિકેટ માટે એક વારસો છે. તેણે ટીમ ઈન્ડિયાને કઠિન પરિસ્થિતિઓમાંથી બહાર કાઢી છે અને કેટલીય મેચો જિતાડી છે. તેણે દેખાડ્યું કે એક સ્પિનર પણ ઓલરાઉન્ડર બની શકે છે. અશ્વિનના સંન્યાસ બાદ ભારતીય ટીમને કેટલાય પડકારોનો સામનો કરવો પડશે. યજુવેન્દ્ર ચહલ, કુલદીપ યાદવ અને અક્ષર પટેલ જેવ સ્પિનર ટીમમાં છે, પરંતુ અશ્વિન જેવી વિવિધતા અને અનુભવ હાંસલ કરવામાં સમય લાગશે.

અશ્વિનની કારકિર્દી ભારતીય ક્રિકેટના સ્વર્ણિક અધ્યાયોમાં નોંધાયેલ રહેશે. તેના સંન્યાસ બાદ ટીમમાં તેની ખોટ ચોક્કસ વર્તાશે, પરંતુ તેના દ્વારા સ્થાપિત કરવામાં આવેલા માપદંડ આવનારી પેઢીઓ માટે પ્રેરણાનો સ્ત્રોત બની રહેશે.

### વડાપ્રધાન મોદીએ ઓસામુ સુઝુકીને આપી શ્રદ્ધાંજલી

# સુઝુકી મોટર કોર્પના પૂર્વ ચેરમેન ઓસામૂ સુઝુકીનું નિધન થયું



## ઓસામૂ સુઝુકીએ કંપનીને આગળ વધારવા ઘણું યોગદાન આપ્યું : તેમની લીડરશિપ હેઠળ માર્કેટમાં વિસ્તરણ કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૮
સુઝુકી મોટર કોર્પના પૂર્વ ચેરમેન ઓસામૂ સુઝુકીનું નિધન થયું છે. તેમણે ૯૪ વર્ષની ઉંમરે અંતિમ શ્વાસ લીધા છે. ઓસામૂ સુઝુકીએ ૪૦થી વધુ વર્ષ સુધી સુઝુકી મોટર કોર્પની આગેવાની કર્યા બાદ વર્ષ ૨૦૨૧માં નિવૃત્તિની જાહેરાત કરી હતી, તે સમયે તેઓ ૯૧ વર્ષના હતા. સુઝુકી મોટર કોર્પે શુક્રવાર ૨૭મી ડિસેમ્બરનારોજ ચેરમેન ઓસામૂ સુઝુકીનું નિધન થયું હોવાની માહિતી આપી છે. જોકે તેમનું નિધન ૨૫ ડિસેમ્બરના રોજ થયું હતું.

આ માહિતી કંપનીના સત્તાવાર નિવેદન મુજબ મળી છે. ઓસામૂ સુઝુકીએ કંપનીને આગળ વધારવા માટે ઘણું યોગદાન આપ્યું છે. કંપની તેમની લીડરશિપ હેઠળ માર્કેટમાં વિસ્તરણ કર્યું. આ કંપની ખાસ કરીને મિની કાર્સ અને બાઈક માટે જાણિતી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓસામુ સુઝુકીને શ્રદ્ધાંજલી પાઠવી છે. વડાપ્રધાન તેમની સાથેની એક મુલાકાતની તસવીરો ટ્વિટ કરી છે અને લખ્યું છે કે, ‘મેં તેમની સાથે અનેક વખત મુલાકાત કરી છે અને તે યાદોને યાદ કરું છું. હું તેમના વ્યવહારિક અને નમ્ર અભિગમની ઊંડી પ્રશંસા કરું છું. તેમણે અથાગ મહેનત કરીને ઉદાહરણ પુરુ પાડ્યું છે અને ગુણવત્તા પ્રત્યે અતૂટ પ્રતિબદ્ધતા દર્શાવી છે. મારી તેમના પરિવાર, સહ કર્મચારીઓ અને અસંખ્ય પ્રશંસકો પ્રત્યે હૃદયપૂર્વક સંવેદના.

ઓસામૂ સુઝુકી સુઝુકી મોટર કોર્પોરેશનને વૈશ્વિક પાવરહાઉસમાં પરિવર્તિત કરનાર અને ભારતના ઓટોમોબાઈલ ઉદ્યોગમાં ક્રાંતિ લાવવામાં મુખ્ય ભૂમિકા ભજવનાર સ્વપ્રદ્રષ્ટા નેતા હતા. તેમના નેતૃત્વ હેઠળ મારુતિ ઉદ્યોગ લિમિટેડ સાથે સુઝુકીના સહયોગથી મારુતિ સુઝુકીની રચના થઈ. ઓસામૂ સુઝુકીની આગેવાની હેઠળ કંપની ભારતના ઓટોમોટિવ સેક્ટરમાં ખૂબ પ્રગતિ કરી શકી. તેમની જીવન યાત્રા એક સામાન્ય પરિવારમાંથી શરૂ થઈ હતી અને તેમનો જન્મ ૩૦ જાન્યુઆરી-૧૯૩૦ના રોજ જાપાનના ગેરો-ગિફુ પરફેક્ચરમાં થયો હતો. તેમણે ટોક્યોમાં ચાઓ યુનિવર્સિટીમાં કાયદાની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. ઓસામૂ સુઝુકીએ જીવનમાં ઘણો સંઘર્ષ કર્યો છે, જેમાં તેમણે જુનિયર હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે અને નાઈટ ગાર્ડ તરીકે પણ કામ કર્યું હતું. ૧૯૫૩માં સ્નાતક થયા બાદ તેમણે શરૂઆતમાં બેંકમાં કામ કર્યું હતું અને પછી લગ્ન કર્યા હતા. ત્યારબાદ તેઓ સુઝુકી પરિવારના વ્યવસાયમાં જોડાયા અને આ જ ટર્નિંગ પોઈન્ટથી તેમની છ દાયકાની કારકિર્દીની શરૂઆત થઈ હતી.

તેઓ વર્ષ ૧૯૫૮માં સુઝુકી મોટર કોર્પોમાં જોડાયા હતા અને ૧૯૭૮માં તેના પ્રેસિડેન્ટ બન્યા હતા. વર્ષ ૨૦૦૦માં તેમની ચેરમેન તરીકે નિમણૂક થઈ હતી. તેમણે કંપનીનાં ચેરમેન તરીકેનો કુલ ૨૮ વર્ષ લીડરશીપ કરી અને કંપનીને ટોચ પર લઈ ગયા. તેઓ સૌથી લાંબા સમય સુધી આ વૈશ્વિક ઓટોમેકરના વડા તરીકે રહ્યા હતા. ૧૯૭૮માં સુઝુકીના પ્રમુખ તરીકે ઓસામુ સુઝુકીના કાર્યકાળ દરમિયાન કંપનીએ અનેક મહત્વપૂર્ણ વિસ્તરણ કર્યા હતા.

# કમોસમી વરસાદને કારણે ખેડૂતોની હાલત કફોડી બની

## ખેડૂતોએ એપીએમસીની બહાર લાંબી લાઈન લગાવી છે જેથી તેમનો માલ વહેલી તકે વેચાઈ જાય અને સુરક્ષિત રહે

બનાસકાંઠા,તા.૨૮
ગુજરાતમાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે. જેમાં બનાસકાંઠાના ધાનેરામાં પોતાનો પાક બગડી ન જાય તેને લઈને ખેડૂતોએ એપીએમસીની બહાર લાંબી લાઈન લગાવી છે. જેથી તેમનો માલ વહેલી તકે વેચાઈ જાય અને સુરક્ષિત રહે. બનાસકાંઠા જિલ્લાના ધાનેરાના તાલુકા ખરીદ વેચાણ સંઘના ગોડાઉન ખાતે મોટી સંખ્યામાં ટ્રેક્ટરની કતાર જોવા મળી રહી છે. વાદળછાયા વાતાવરણ વચ્ચે પણ ખેડૂતો પોતાનો માલ ટેકાના ભાવે ભરાવવા માટે તાલુકા સંઘના ગોડાઉન ખાતે ટ્રેક્ટરોની લાંબી લાઈન લાગી હતી. હવામાન વિભાગ દ્વારા ઉત્તર ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે તો બીજી તરફ કમોસમી વરસાદની આગાહી વચ્ચે ટેકાના ભાવે મગફળી ભરાવવા માટે બનાસકાંઠાના ધાનેરા ડીસા હાઈવે પર લાંબી લાઈનો જોવા મળી રહી છે. ધાનેરા તાલુકા ખરીદ વેચાણ સંઘના ગોડાઉન ખાતે ટેકાના ભાવે મગફળી લેવામાં આવી રહી છે. ખેડૂતોને ટેકાના ભાવે ૨૦ કિલો મગફળીના ૧૩૫૬ રૂપિયા મળી રહ્યા છે. જ્યારે માર્કેટ યાર્ડમાં ૧,૦૦૦ થી ૧૦૫૦ રૂપિયા મળતા હોવાથી ખેડૂતો ટેકાના ભાવે મગફળી ભરાવવા માટે વરસાદની આગાહી વચ્ચે પણ ગોડાઉન ખાતે પહોંચી રહ્યા છે. રોજના ૧૫૦ થી વધુ ખેડૂતોને ટોકન આપીને તેમની મગફળી ખરીદવામાં આવી રહી છે. બે દિવસ કમોસમી વરસાદની આગાહી છે અને વરસાદની આગાહી વચ્ચે પણ ટેકાના ભાવે મગફળી વેચવા માટે દોઢ કિલોમીટર લાંબી લાઈનો ખેડૂતોના ટ્રેક્ટરોની જોવા મળી રહી છે. કમોસમી વરસાદના ડર વચ્ચે ખેડૂતો પોતાના જણસીને બચાવવા માટે પ્લાસ્ટિકની તાડપત્રી પણ સાથે લઈને આવી રહ્યા છે.

# ગુજરાતમાં હજુ બે દિવસ તોફાની પવન સાથે રહેશે માવઠાંની સંભાવના

અમદાવાદ,તા.૨૮ : પાકિસ્તાન પર સ્થિર થયેલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, દક્ષિણ પશ્ચિમ રાજસ્થાનમાં સર્જાયેલ ઈન્ડ્યુસ સાયક્લોનિક સરક્યુલેશનને પગલે, ઉત્તર પાકિસ્તાનથી લઈને મધ્ય પૂર્વ અરબી સમુદ્ર સુધી સર્જાયેલ ટર્ફના કારણે ગુજરાતના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ગુજરાતમાં ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ કમોસમી વરસાદ વરસશે. વરસાદની સાથેસાથે સામાન્ય કરતા વધુ ઝડપે પવન ફૂંકાવવાની પણ સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. ગુજરાતમાં ગઈકાલ ગુરુવાર મોડી રાત્રીથી હવામાનમાં પલટો આવેલ છે.

# નર્મદામાં નવા પ્રમુખોની નિયુક્તિને લઈ રાજકારણ ગરમાયું

## ઝઘડિયાના નવનિયુક્ત પ્રમુખ મુદ્દે ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ પોતની નારાજગી વ્યક્ત કરી

નર્મદા,તા.૨૮
નર્મદામાં નવા પ્રમુખોની નિયુક્તિને લઈ રાજકારણ ગરમાયું છે. ઝઘડિયાના નવનિયુક્ત પ્રમુખ મુદ્દે ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ પોતની નારાજગી વ્યક્ત કરી. મનસુખ વસાવાએ પ્રમુખ મુદ્દે નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું કે મેં મારી રજુઆત પ્રદેશ સુધી પહોંચાડી દીધી છે. વસાવાએ કહ્યું કે પ્રમુખ તરીકે પટેલ, ક્ષત્રિય, વસાવા સમાજ વધુ દાવેદારી ધરાવે છે. જ્યારે નવા નિયુક્ત કરાયેલા સંદીપ પટેલ પોતે પટેલ નથી પરંતુ અન્ય જ્ઞાતિમાંથી આવે છે. ઝગડીયામાં પ્રમુખની નિમણૂકને લઈને ભાજપમાં જ મતમતારં છે. રાજ્યમાં આગામી સમયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજવાની તૈયારીઓ થવા લાગી છે. ત્યારે ભાજપમાં ચાલતો આતંરકલહ ધીરે-ધીરે સપાટી પર આવવા લાગ્યો છે. વિવિધ જિલ્લાઓ, તાલુકાઓ અને શહેરોમાં પ્રમુખની નિમણૂક થવા લાગી છે. કયાંક પ્રમુખપદના મળવાને લઈને નારાજગી છતી થઈ છે તો કયાં નવનિયુક્ત પ્રમુખ બીજા દિવસે જ રાજીનામું ધરી દે છે. ઝગડીયામાં સંદીપ પટેલની નવા પ્રમુખ તરીકે નિમણૂક કરાતા સાંસદ મનસુખ વસાવા નારાજ થયા. મનસુખ વસાવાએ જિલ્લાના ૧૨ મંડળોના પ્રમુખની નિયુક્તિને આવકારી છે પરંતુ ઝઘડિયા તાલુકા પ્રમુખ તરીકે સંદીપ પટેલની નિયુક્તિનો સખત વિરોધ નોંધાવ્યો. સાંસદે પોતાના સોશિયલ મીડિયા પર પ્રમુખપદની નિયુક્તિને લઈને સખત વિરોધ કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે.સામાન્ય રીતે ઝગડીયા વિસ્તાર આદિવાસીનો વિસ્તાર માનવામાં આવે છે. સંદીપ પટેલ પોતે પટેલ નથી પરંતુ અન્ય જ્ઞાતિમાંથી આવે છે. સંદીપભાઈ હંમેશા ગામ પૂરતા જ સીમિત રહ્યા છે તેમણે જીલ્લા અને તાલુક સ્તરે સંગઠનનું કામ કર્યું નથી. ઉપરાંત તેમણે સંદીપ પટેલ પર એવો આક્ષેપ કર્યો કે તેમણે લોકસભા ચૂંટણીમાં પક્ષ વિરુદ્ધ કામ કર્યું છે. સંદીપભાઈનું પક્ષમાં કોઈ યોગદાન નથી. આથી જ્યારે આવા કાર્યકરની પ્રમુખ પદે નિમણૂક થાય ત્યારે તાલુકા અને જીલ્લા સંગઠનમાં વર્ષોથી સખત મહેનત કરતા લોકોની અવગણના થઈ હોવાનું અનુભવ થાય છે. વધુમાં મનસુખ વસાવાએ કહ્યું કે સેવસેતુ કે અન્ય કોઈ પણ સાંસદના કાર્યક્રમમાં સંદીપ પટેલ ઉપસ્થિત રહ્યા નથી. તેઓ માત્ર ધંધાકીય વ્યક્તિઓ સાથે જોડાયેલા છે અને આ ધંધાકીય હિત ધરાવનારાઓ પ્રદેશને ગેરમાર્ગે દોરતા પક્ષે સંદીપ પટેલને પ્રમુખ બનાવ્યા. વસાવાનું કહેવું છે કે ઝગડીયા તાલુકામાં રહેતી મોટાભાગની પ્રજા આદિવાસી છે. તેમજ આ ઉપરાંત ત્યાં પટેલ અને રાજપૂત એમ ત્રણ સમાજનું પ્રભુત્વ છે. આ ત્રણે સમાજના સભ્યો વર્ષોથી ભાજપને સમર્થન કરી રહ્યા છે.એટલે જ હું કહું છે કે પ્રમુખ પદ તરીકે આ ત્રણ સમાજમાંથી એક સમાજના વ્યક્તિ વધુ દાવેદાર છે. નવા પ્રમુખ સંદીપ પટેલ પર એટ્રોસિટીનો ગુનો નોંધાયો છે. તો તેઓ આદિવાસીઓની સાથે કેવી રીતે ન્યાય કરશે. જો કે અંતે તેમણે એમ પણ જણાવ્યું કે તેઓ પ્રમુખપદની નિયુક્તિને લઈને નારાજ જરૂર છે પરંતુ હંમેશા પક્ષ સાથે જ રહેશે. પ્રદેશ ભાજપ ભલે ઝઘડિયાના પ્રમુખને બદલે કે ના બદલે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપનો જ ભગવો લેહરાશે.

# લાલપુર બાયપાસ નજીક વધુ એક હીટ એન્ડ રનની ઘટનામાં દંપત્તિ ખંડિત થયું

## એક ટેન્કર ના ચાલકે બાઈકને હડફેટમાં લઈ લેતાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો, અને બાઈક ફંગોળાઈ ગયું હતું

જામનગર,તા.૨૮
જામનગર નજીક લાલપુર બાયપાસ ચોકડી પાસે શુક્રવારે બપોરે ૧૨.૩૦ વાગ્યાના અરસામાં વધુ એક હિટ એન્ડ રનની ઘટના બની હતી, જેમાં જામનગરનું એક દંપતિ ખંડિત થયું છે. પૂરપાટ ઝડપે આવી રહેલા એક ટેક્રર ના ચાલકે ડબલ સવારી બાઈકને હડફેટમાં લઈ લેતાં બાઈકની સીટમાં પાછળ બેઠેલી મહિલાનું પોતાના પતિની નજર સમક્ષ જ કમ કમાટી ભર્યું મૃત્યુ નિપજ્યું હતુ. જેથી ભારે ગમગીની ફેલાઈ છે.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગરમાં શંકર ટેકરી વિસ્તારમાં રહેતી રંજનબેન કાંતિલાલ ભાઈ રાઠોડ નામની ૪૩ વર્ષની મહિલા આજે બપોરે ૧૨.૩૦ વાગ્યાના અરસામાં પોતાના પતિ કાંતિલાલભાઈ રાઠોડ ના બાઈક માં પાછળ બેસીને જઈ રહ્યા હતા. જે દંપત્તિ લાલપુર બાયપાસ ચોકડી નજીકથી પસાર થઈ રહ્યું હતું, જે દરમિયાન પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલા એક ટેક્રર ના ચાલકે બાઈકને હડફેટમાં લઈ લેતાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો, અને બાઈક ફંગોળાઈ ગયું હતું.જેમાં પાછળની સીટમાં બેઠેલા રંજનબેન કે જેઓ નીચે પટકાઈ પડ્યા હતા, અને તેમના માથા પરથી ટેક્રર ના વ્હીલ ફરી વળતાં પોતાના પતિને નજર સમક્ષ જ કમકમાટી ભર્યું મૃત્યુ નીપજ્યું હતું. જેથી ભારે બિહામણા દ્રશ્યો સર્જાયા હતા. આ અકસ્માત બાદ ટેક્રર ચાલક ભાગી છૂટ્યો હતો, જયારે મૃતકના પતિ કાંતિલાલભાઈ રાઠોડ ને નાની મોટી ઈજા થઈ હોવાથી તેઓને પ્રાથમિક સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતના બનાવની જાણ થતાં પંચકોષી બી. ડિવિઝનના પી.આઈ. વી.એ. રાઠોડ અને તેમની ટીમ ઘટના સ્થળે તેમજ જીજી હોસ્પિટલે દોડી ગઈ હતી, અને સમગ્ર અકસ્માત મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::
બીજાની બુરાઈ કરવાનું છોડી દો, બધાય તમારા વશમાં થઈ જશે. - અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.અમરદાદ-૧૩૯૪, મુ. જમાદુલ આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, માગસર વદ-૧૩ શનિ પ્રદોષ તા.૨૮ ડિસેમ્બર ૨૦૨૪, શનિવાર, પારસી તા.૧૬, મુસ્લિમ તા.૨૬, અનુરાધા નક્ષત્ર, શૂળ યોગ, ગર કરણ, સૂ.ઉ.૭ઃ૩૨, સૂ.અ.૬ઃ૧૪
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.
- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. સફળતા મળે.
વૃષભ:શેર-સટ્ટા વગેરેથી દૂર રહેવું હિતાવહ. વ્યવસાયમાં સફળતા.
મિથુન:મિલન-મુલાકાતમાં વિઘ્ન આવે. મનમાં અશાંતિ અનુભવાય.
કર્ક: અગત્યના કાર્યમાં સફળતા મળે. વાદ-વિવાદથી દૂર રહેવું.
સિંહ: પ્રવાસ-મુસાફરી આનંદદાયક રહે. ધીરજના ફળ મીઠા મળે.
કન્યા: પ્રવાસમાં વિઘ્ન આવે. મતભેદ સર્જાવવાની સંભાવના.
તુલા: સમાધાનકારી વલણ અપનાવવું. સાહસિક કાર્યથી દૂર રહેવું.
વૃશ્ચિક:નવિન તક ઉન્નતિ તરફ લઈ જાય. પ્રફુલિતતા અનુભવાય.
ધન: વ્યર્થ ક્રોધ અનુભવાય. મનમાં મૂંઝવણ રહે.
મકર: નાણાંભીડનો અનુભવ થાય. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
કુંભ: પડવા-વાગવાથી સંભાળવું. વિલંબથી કાર્ય સફળતા.
મીન: જીવસાથીથી વાણી ઘર્ષણ થાય. કચેરીના કાર્યમાં સફળતા મળે.

# શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માટે ફોર્મ ભરવાની મુદત પૂર્ણ

## નિયમિત ફી સાથેની મુદત પૂર્ણ થઈ ત્યાં સુધીમાં ૧૪ લાખ જેટલા ફોર્મ ભરાયા હતા

અમદાવાદ, તા.૨૮
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૭ ફેબ્રુઆરીથી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષા માટે હાલમાં ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી એક માસ પહેલા શરૂ કરી દેવામાં આવી હતી. જેમાં રેગ્યુલર ફી સાથે ફોર્મ સ્વીકારવાની મુદત પૂર્ણ થયા બાદ લેઈટ ફી સાથે ત્રણ તબક્કામાં ફોર્મ સ્વીકારવાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ લેઈટ ફી સાથેની મુદત પણ પૂર્ણ થયા બાદ બોર્ડ દ્વારા એકથી બે દિવસની મુદત વધારી આપવામાં આવી હતી. જેમાં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ગુરૂવારના રોજ ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હતો. આ અગાઉ ધોરણ-૧૨ સાયન્સ અને ધોરણ૧૦ની પરીક્ષા માટેના ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થઈ ચુકી છે. જ્યારે સામાન્ય પ્રવાહની ૫ મુદત ગુરૂવારે પુર્ણ થતાં હવે બોર્ડની પરીક્ષા માટેના ફોર્મ ભરવાની કાર્યવાહી સત્તાવાર રીતે પૂર્ણ થઈ છે. નિયમિત ફી સાથે ફોર્મ ભરવાની કાર્યવાહી પૂર્ણ થઈ ત્યાં સુધીમાં ૧૪ લાખ જેટલા ફોર્મ ભરાયા હતા. જોકે, લેઈટ ફી સહિત ફોર્મ ભરાયા હોવાથી આંકડો વધશે. ધોરણ-૧૦માં ૯ લાખ જેટલા, ધોરણ-૧૨ સા.પ્ર.માં ૪ લાખથી વધુ અને ધોરણ-૧૨ સાયન્સમાં ૧ લાખ કરતા વધુ ફોર્મ ભરાઈ ચુક્યા છે અને એકાદ દિવસમાં કુલ ફોર્મની સંખ્યાનો આંકડો સામે આવ્યા બાદ સંખ્યામાં વધારો થશે. માર્ચ૨૦૨૪ની પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી ૧૫.૩૯ લાખ જેટલા વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા હતા. જેમાં ધોરણ-૧૦ માટે ૯૧૭૬૮૭ ફોર્મ ભરાયા હતા. જ્યારે ધોરણ૧૨ સાયન્સ પરીક્ષા માટે ૧૩૧૯૮૭ ફોર્મ ભરાયા હતા. આ ઉપરાંત ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ માટે ૪૮૯૨૭૯ ફોર્મ ભરાયા હતા.

## ભરશિયાળે ભાદરવાના એંધાણ હવામાન વિભાગે વ્યક્ત કર્યા

# વીજળીના ચમકારા સાથે ગુજરાતના ચાર જિલ્લામાં બરફના કરા પડવાની શક્યતા


## મધ્ય ગુજરાતને બાદ કરતા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની હવામાનની આગાહી : અમદાવાદમાં વરસાદી ઝાપટાં પડ્યા

અમદાવાદ,તા.૨૮
ગુજરાતમાં ઠંડીનો ચમકારો વધી રહ્યો છે, ત્યારે આગામી ૨૯ ડિસેમ્બર સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. જ્યારે રાજ્યના ચાર જિલ્લામાં કરાં પડવાની શક્યતા છે.ત્યારે અમદાવાદમાં મણિનગર, ઈસનપુર સહિત પૂર્વ વિસ્તારમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. અચાનક વરસતા કાંકરિયા કાર્નિવલમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. ઉત્તર-પશ્ચિમ મધ્યપ્રદેશ ઉપર સર્જાયેલી સાઈક્લોનિજક સર્ક્યુલેશન સિસ્ટમ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ભર શિયાળે ભાદરવાનાં એંધાણ હવામાન વિભાગે વ્યક્ત કર્યાં છે. રાજ્યમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદનો રાઉન્ડ શરૂ થશે, જેમાં છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગમાં બરફનાં કરાં વરસી શકે છે. અહીં વીજળીના ચમકારાનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. ૩ દિવસ સુધી રાજ્યના છૂટાછવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ, એટલે કે ૨.૫ મિમીથી માંડીને અઢી ઈંચ સુધીનો વરસાદ પડે એવી વકી છે. આ દરમ્યાન પ્રતિ કલાકે ૩૦થી ૪૦ કિલોમીટરની ઝડપે ભારે પવન ફૂંકાવાની પણ શક્યતા છે. કમોસમી વરસાદની શક્યતા ૫૧%થી ૭૫% છે. ભરશિયાળે ચોમાસા જેવી સ્થિતિને પગલે લઘુતમ તાપમાન ૨થી ૪ ડિગ્રી વધશે, એટલે ઠંડી ઘટશે. બીજી તરફ શિયાળુ પાકને લઈને ખેડૂતો ભારે મુસીબતમાં મુકાયા છે, કારણ કે ગાઢ ધુમ્મસને કારણે શિયાળુ પાક પર અસર થઈ રહી છે, એમાં જો કમોસમી વરસાદ પડશે તો ધરતીપુત્રોને રાતા પાણીએ રોવાનો વારો આવી શકે છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસના જણાવ્યા અનુસાર ગુજરાતમાં ગાજવીજ સહિત વરસાદની સંભાવના છે. મધ્ય ગુજરાતને બાદ કરતાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આ ઉપરાંત પવનની ગતિ પણ વધુ રહેશે. જે વિસ્તારમાં વરસાદની શક્યતા છે ત્યાં ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાક ઝડપે પવન ફૂંકાવાની સાથે વીજળીના ચમકારાનો પણ અનુભવ થશે. આ ઉપરાંત ગુજરાતના છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગમાં બરફનાં કરાં વરસી શકે છે. અહીં વીજળીના ચમકારાનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. વધુમાં હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ જણાવ્યું કે રાજ્યના અનેક જિલ્લાઓમાં તીવ્ર માવઠાની આગાહી છે. અમુક વિસ્તારમાં ભારે તો અમુક વિસ્તારોમાં સામાન્ય ઝાપટાં પડે એવી સંભાવના છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, ગુજરાતમાં લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો છે, જેથી ઠંડીનું પ્રમાણ ઘટ્યું છે. હાલમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ જળવાઈ રહ્યું છે, જેથી આગામી બેથી ત્રણ દિવસ દરમ્યાન ઠંડીનું જોર ઓછું રહેશે. ત્યાર બાદ ધીમે ધીમે ક્રમશઃ તાપમાનમાં ઘટાડો થતાં ફરી એક વખત ઠંડીનું મોજું ફરી વળશે. હાલમાં સમગ્ર ગુજરાત રાજ્યના લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે.

# ગાંધીનગરમાં વિદ્યાર્થીઓ દ્વારા ફરી એકવાર હલ્લાબોલ : ભારે સૂત્રોચ્ચાર સાથે વિરોધ કરાયો

ગાંધીનગર, તા.૨૮
રાજયની રાજધાની ગાંધીનગરમાં ફરી એકવાર સરકાર સામે આક્રમક વિરોધ પ્રદર્શન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં આદિવાસી સમાજનાં બાળકોને ઉચ્ચ અભ્યાસ માટેની પોસ્ટ મેટ્રિક સ્કોલરશિપ સરકારે બંધ કરી દેતા વિદ્યાર્થીઓ અને વાલીઓ મુશ્કેલીમાં મુકાયા છે. આદિજાતિ સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટેની પોસ્ટ મેટ્રિક સ્કોલરશિપ પુનઃ શરૂ કરવા અગાઉ પણ બીરસામુંડા ભવન ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો. સરકાર દ્વારા તેના ઉકેલ ના લવાતા ફરી એકવાર વિદ્યાર્થીઓ અને ABVPએ ગાંધીનગર ખાતે હલ્લાબોલ કર્યો છે. ABVP અને વિદ્યાર્થીઓ પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિના પરિપત્રના વિરોધમાં ગાંધીનગરના બિરસા મુંડા ભવન ખાતે પહોંચ્યા હતા. અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિમાં મેનેજમેન્ટ ક્વોટાને શિષ્યવૃતિ મળવા પાત્ર ન હોવાના સરકારના પરિપત્ર સામે વિરોધ કરવામાં આવ્યો છે. પ્રવેશ પ્રક્રિયા બાદ સરકારના પરિપત્રના કારણે વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મૂકાયા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિમાં મેનેજમેન્ટ ક્વોટાના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ ન આપવાના કારણે ૬૦ હજાર વિદ્યાર્થીઓને સીધી અસર થઈ હોવાનો વિદ્યાર્થીઓ અને ABVPએ આક્ષેપ કર્યો છે. વિદ્યાર્થીઓ અને ABVPએ અત્યારે વિરોધ પ્રદર્શન કરીને આ પરિપત્રને રદ કરવા અને શિષ્યવૃતિ આપવા રજૂઆત કરી છે. હવે જોવાનું એ રહે છે કે, સરકાર દ્વારા આ મામલે કેવો નિર્ણય લેવામાં આવે છે. સરકાર પરિપત્રને રદ કરે છે કે પછી યથાવત્ રાખે છે તે જોવું રહ્યું! ABVPના પ્રાંત સહમંત્રી દીપ દેસાઈએ જણાવ્યું કે, ગુજરાતના જનજાતિ ગરીબ-મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ જેમણે કોલેજોમાં એડમિશન લઈ લીધું છે. તેમના વાલીઓને એવું હતું કે, વિદ્યાર્થીઓની ફી સરકાર ભરશે. હવે બિરસા મુંડા ભવનના અધિકારીઓ દ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે કે, વિદ્યાર્થીઓની ફી અને તેમને લીધેલું એડિમિશન હવે મેનેજમેન્ટ કોટામાં ગણાશે. તેમની ફી સરકાર નહીં ભરે. આ મામલે વિદ્યાર્થી પરિષદે કલેક્ટરને આવેદન આપ્યું હતું. તથા મંત્રીને રજૂઆત પણ કરી હતી. પરંતુ કોઈ ઉકેલ ન આવતા ABVP દ્વારા મોટી સંખ્યામાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે અને આ તો હજુ ટ્રેલર છે, પિક્ચર હજુ બાકી છે. તેમ જણાવી પરિસરમાં બેઠેલા અધિકારીઓ માટે સ્પષ્ટપણે ચેતવણી આવી પરિપત્ર રદ કરો. તેવી વિદ્યાર્થીઓ દ્વારા માગણી કરવામાં આવી હતી. દેખાવો દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા આક્રમક રીતે સૂત્રોચ્ચાર વગેરે સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. હજુ આગામી સમયમાં પણ વિરોધ જારી રાખી વિવિધ કાર્યક્રમો આપવામાં આવશે તેવી વિગતો પ્રાપ્ત થઈ રહી છે.

# હાઈકોર્ટે અપમાનજનક જાહેરાત અંગે ડાબરની અરજી ઉપર પતંજલિ પાસેથી જવાબ માંગ્યો




નવી દિલ્હી તા.૨૮
દિલ્હી હાઈકોર્ટે પતંજલિ આયુર્વેદને તેના ઉત્પાદન ચ્યવનપ્રાશની જાહેરાતોને કથિત રીતે બદનામ કરવા બદલ ડાબર દ્વારા દાખલ કરાયેલા મુકદમા ઉપર તેનું વલણ રજૂ કરવા જણાવ્યું છે. ૨૪ ડિસેમ્બરના રોજ જસ્ટિસ મિની પુષ્કર્ણાએ કેસમાં જવાબ આપવા માટે પ્રતિવાદીઓ - પતંજલિ આયુર્વેદ અને પતંજલિ ફૂડ્સ લિમિટેડને સમન્સ જારી કર્યા હતા. કોર્ટના આદેશમાં કહેવામાં આવ્યું હતું કે, આ સાથે ફરિયાદ નોંધીને સમન્સ જારી કરવામાં આવે તેઓ નિર્દેશ આપવામાં આવ્યો હતો. આજથી ત્રીસ દિવસની અંદર પ્રતિવાદીઓ દ્વારા લેખિત નિવેદન દાખલ કરવામાં આવે. ડાબરે આક્ષેપ કર્યો હતો કે, પતંજલિ સ્પેશિયલ ચ્યવનપ્રાશને પ્રમોટ કરતી વખતે ખોટા અને ઈરાદાપૂર્વકના આક્ષેપો કરવામાં આવ્યા હતા, જેનાથી તેના ઉત્પાદન ડાબર ચ્યવનપ્રાશને બદનામ કરવામાં આવ્યા હતા જે ૬૦ ટકાથી વધુ હિસ્સા સાથે માર્કેટ લીડર છે. કોર્ટે વચગાળાની રાહતની માંગ કરતી અરજી ઉપર નોટિસ પણ જારી કરી હતી અને સુનાવણી ૩૦ જાન્યુઆરી સુધી મુલતવી રાખી હતી. અરજીમાં જણાવાયું છે કે, જાહેરાતોમાં પ્રતિવાદીઓએ દાવો કર્યો છે કે, માત્ર પતંજલિ વિશેષ ચ્યવનપ્રાશ જ 'મૂળ' છે અને તેથી 'વિશિષ્ટ' છે અને તે 'ચરક, સુશ્રુત, ધનવંતરી, ચ્યવન ઋષિ પરંપરામાંથી શ્રેષ્ઠ/શ્રેષ્ઠ' પણ છે. ચ્યવનપ્રાશ સૌથી શ્રેષ્ઠ છે અને અન્ય ઉત્પાદકો પાસે આવું જ્ઞાન ન હતું અને તેથી તેઓ સામાન્ય હતા. કેસમાં જણાવે છે કે, ટૂંકમાં પ્રતિવાદીઓએ આરોપી ટીવીસી અને આરોપી પ્રિન્ટ જાહેરાતમાં બેશરમપણે દાવો કર્યો છે કે, પ્રતિવાદીઓ દ્વારા ઉપયોગમાં લેવાતી આયુર્વેદિક પુસ્તક ચ્યવનપ્રાશ બનાવવા માટેની એકમાત્ર 'મૂળ પદ્ધતિ' અથવા ફોર્મ્યુલા છે, જેનાથી D&C એક્ટ (દવાઓનું ઉલ્લંઘન થાય છે અને સૌંદર્ય પ્રસાધનો) અને પ્રથમસૂચિમાં 'નિર્ધારિત' અન્ય આયુર્વેદિક પુસ્તકોને નકારી કાઢવામાં આવી રહ્યા છે. પિટિશન તેથી પ્રતિવાદીઓને ટેલિવિઝન પર જાહેરાતો પ્રસારિત કરવાથી અથવા તેના ઉત્પાદન 'ચ્યવનપ્રાશ ડાબર ચ્યવનપ્રાશ' સિવાય વાદીની સદ્ભાવના અને પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાથી પ્રતિવાદીઓને કાયમી મનાઈ હુકમની માંગણી કરવામાં આવી હતી.

# ૧૩,૦૦૦ રૂપિયા પગાર ધરાવતા માણસે ૨૧ કરોડ રૂા.ની ઉચાપત કરી, ગર્લફ્રેન્ડને 4 BHK ફ્લેટ ભેટમાં આપ્યો

મુંબઈ તા.૨૮
મહારાષ્ટ્ર સરકારમાં કોન્ટ્રાક્ટ ઉપર પુર્નઃ સ્થાપિત કરાયેલા એક કર્મચારી ઉપર ૨૧ કરોડની છેતરપિંડીનો આરોપ છે. હર્ષકુમાર ક્ષીરસાગરનો પગાર માત્ર ૧૩,૦૦૦ રૂપિયા છે. તે તેની શાહી જીવનશૈલીના કારણે પકડાયો હતો. અહેવાલો અનુસાર તેની પાસે લક્ઝરી કાર અને હીરા જડેલા ચશ્મા હતા. એટલું જ નહીં તેણે તેની ગર્લફ્રેન્ડને 4 BHK ફ્લેટ ગિફ્ટ કર્યો હતો. આ બધું જોઈને તેના સાથીદારોને શંકા ગઈ હતી. આ પછી આ કેસની તપાસ શરૂ થઈ છે. પોલીસ તપાસ અનુસાર હર્ષકુમાર ક્ષીરસાગરે તેના સહયોગીઓ સાથે મળીને છત્રપતિ સંભાજી નગરના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ એડમિનિસ્ટ્રેશનમાંથી ઈન્ટરનેટ બેંકિંગ દ્વારા રૂા.૨૧ કરોડથી વધુની ઉચાપત કરી હતી. આ પૈસાથી તેણે તેની ગર્લફ્રેન્ડ માટે એક BMW કાર, તે જ બ્રાન્ડની બાઈક અને એરપોર્ટની સામે 4 BHK ફ્લેટ ખરીદ્યો. આ સિવાય તેણીને એક જ્વેલર પાસેથી હીરા જડેલા ચશ્મા પણ મળ્યા હતા. તપાસમાં એ પણ સામે આવ્યું છે કે, અન્ય મહિલા કોન્ટ્રાક્ટ કર્મચારીના પતિએ રૂા.૩૫ લાખની કિંમતની એસયુવી ખરીદી હતી. પ્રાથમિક તપાસ દરમ્યાન જાણવા મળ્યું હતું કે, હર્ષકુમાર ક્ષીરસાગરે આ એસયુવી પોતાની પાસે રાખી હતી. આરોપીઓએ બેંકમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના નામે ખાતું ખોલાવીને સરકારી ફંડને લગતા વ્યવહારો શરૂ કર્યા હતા. ટ્રાન્ઝેક્શન માટે ડેપ્યુટી સ્પોર્ટ્સ ડાયરેક્ટર દ્વારા સહી કરેલ ચેકની જરૂર હતી, પરંતુ હર્ષકુમાર ક્ષીરસાગર અને અન્ય બે કોન્ટ્રાક્ટ કર્મચારીઓ, યશોદા શેટ્ટી અને તેના પતિ બી.કે. જીવને બનાવટી દસ્તાવેજો તૈયાર કર્યા અને બેંકમાંથી ચેક મેળવ્યા હતા. આરોપીઓએ આ બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને ઈન્ટરનેટ બેંકિંગ સુવિધાઓ સક્રિય કરી અને તેમના ખાતામાં ફંડ ટ્રાન્સફર કર્યું. છ મહિના સુધી આ છેતરપિંડી ચાલુ રહી. વિભાગીય ડેપ્યુટી ડિરેક્ટરે આ વાતનો ખુલાસો કર્યો હતો.

# ભાજપ કેજરીવાલના મતવિસ્તારમાં પ્રતિ મત ૧૧૦૦ રૂપિયાની વહેંચણી કરી રહ્યું છે : AAP આ અંગે ભાજપના નેતાઓ વિરૂધ્ધ EDને ફરિયાદ કરશે




નવી દિલ્હી તા.૨૮
નવી દિલ્હી મતવિસ્તારમાં મતદારોને કથિત રીતે રોકડ વહેંચવા બદલ ભાજપના નેતાઓ પરવેશ વર્મા અને મંજિન્દર સિરસા વિરૂધ્ધ આમ આદમી પાર્ટીના નેતાઓ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટમાં સત્તાવાર રીતે ફરિયાદ કરશે. આ વિસ્તારમાં AAPના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલ વર્તમાન ધારાસભ્ય છે. પાર્ટીના સૂત્રોએ જણાવ્યું હતું કે, વરિષ્ઠ નેતા સંજયસિંહ ED ઓફિસ ગયા હતા અને ભાજપના પરવેશ વર્મા અને મંજિન્દર સિરસા વિરૂધ્ધ ફરિયાદ કરી હતી. મુખ્યમંત્રી આતિશી સહિત અનેક AAP નેતાઓએ એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી અને વર્મા ઉપર તેમના સત્તાવાર નિવાસસ્થાન, ૨૦ વિન્ડસર પ્લેસ ઉપર લોકોને રોકડ વહેંચવાના આરોપો લગાવ્યા હતા. આતિશીએ જણાવ્યું હતું કે, આ વિભાગની વિવિધ ઝૂંપડપટ્ટીઓ અને વસાહતોમાંથી મહિલાઓને લાવવામાં આવી હતી, પરવેશ વર્માનો ફોટો દર્શાવતા ફોર્મ ભરવા માટે કહેવામાં આવ્યું હતું અને તેમના મતદાર ID સબમિટ કર્યા પછી પરબીડિયાઓમાં ૧૧૦૦ રૂપિયા આપવામાં આવ્યા હતા. તેણીએ જણાવ્યું હતું કે, ઘણા પત્રકારોએ આ ઘટનાના વીડિયો પુરાવા કેપ્ચર કર્યા હતા, જેમાં કથિત રીતે મહિલાઓને પરવેશ વર્મા અને અન્ય વરિષ્ઠ ભાજપના નેતાઓના ફોટા સાથે રોકડ સાથેના પરબીડિયાઓ સાથે ભાજપના પેમ્ફલેટ સાથે પરિસરમાંથી બહાર નીકળતી દર્શાવવામાં આવી હતી. પૂર્વ મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલે પણ આવા જ આરોપો કર્યા હતા અને જણાવ્યું હતું કે, નવી દિલ્હી મતવિસ્તારના વિવિધ વિસ્તારોની તેમની મુલાકાત દરમ્યાન રહેવાસીઓએ ભાજપના એજન્ટો દ્વારા ખુલ્લેઆમ મત ખરીદવાની જાણ કરી હતી. લોકોએ મને કહ્યું, 'તેઓ મત દીઠ રૂા.૧૧૦૦ ચૂકવે છે.' જો કે, જનતાએ મને ખાતરી આપી છે કે, તેઓ પૈસા લેશે પણ તેમને મત નહીં આપે. દિલ્હી બીજેપીના ઉપાધ્યક્ષ કપિલ મિશ્રાએ જણાવ્યું હતું કે, AAPએ દિલ્હીમાં તેની રાજકીય પ્રતિષ્ઠા ગુમાવી દીધી છે અને હવે તે સામાજિક સંસ્થાઓ દ્વારા ગરીબ મહિલાઓને આપવામાં આવતી સહાય પર ગંદી રાજનીતિ રમી રહી છે. AAP પક્ષ પૂર્વ સાંસદ પ્રવેશ સાહિબ સિંઘના NGO 'રાષ્ટ્રીય સ્વાભિમાન' દ્વારા મહિલાઓને આપવામાં આવતી સહાય સામે વાંધો ઊઠાવે છે. તેના આક્ષેપો પાયાવિહોણા છે અને મહિલા સન્માન અને સંજીવની યોજનાઓ માટે તેમની જવાબદારી ટાળવા માટે છે. વર્માએ આ તમામ આરોપોને નકારી કાઢ્યા અને દાવો કર્યો કે, આ કલ્યાણકારી કાર્ય માત્ર માનવતા ખાતર કરવામાં આવે છે. આ કામને ચૂંટણી સાથે કોઈ લેવાદેવા નથી.

# શું એપ એન્ડ્રોઇડ ઉપકરણો કરતાં આઇફોન ઉપર વધુ કેબ ભાડા વસૂલે છે ?

નવી દિલ્હી, તા.૨૮
તે એક સિદ્ધાંત છે જે સોશિયલ મીડિયા ઉપર ફરી કરી રહ્યું છે, પરંતુ શું તે સાચું છે કે કેમ. કેટલાક મુસાફરોએ સમાન રાઈડ માટે એન્ડ્રોઈડ ડિવાઈસ અને આઈફોન ઉપર એકસાથે પ્રદર્શિત થતાં કેબ ભાડામાં વિચિત્ર અસમાનતા જોઈ છે, જેના કારણે તેઓ આશ્ચર્યમાં મૂકાઈ ગયા છે કે, શું રાઈડ-હેલિંગ એપ ઉપર કિંમત નિર્ધારણ એલ્ગોરિધમ્સ એપલના વપરાશકર્તાઓને વધુ ચાર્જ કરવા માટે પ્રોગ્રામ કરેલ છે. TOI એ ચેન્નાઈમાં ત્રણ સ્થળોએથી સમાન ગંતવ્યોની રાઈડ શોધવા માટે એક સાથે આઈફોન અને એન્ડ્રોઈડ ઉપકરણનો ઉપયોગ કર્યો. દરેક કિસ્સામાં iOS ઉપર પ્રદર્શિત ભાડું વધારે હતું. આ કોઈ પણ રીતે નિર્ણાયક પુરાવા નથી. બીજા દિવસે સમાન શોધ અલગ પરિણામો આપી શકે છે. ઉપરાંત પેટર્ન સિંગલ રાઈડ્સ સુધી મર્યાદિત અને પ્રમાણમાં ઓછા અંતર ઉપર વધુ સ્પષ્ટ જણાય છે. રેકોર્ડ માટે ઉબરે જણાવ્યું હતું કે, તેની પાસે સંભવિત રાઈડરના ફોનના આધારે ટ્રિપ કિંમતોને વ્યક્તિગત કરવાની નીતિ નથી. તે અસમાનતા જો કોઈ હોય તો ચોક્કસ વિસ્તારમાં કેબની અંદાજિત સમય, અંતર અને વાસ્તવિક સમયની માંગ જેવા પરિબળોને આભારી છે. ઓલાએ TOIના પ્રશ્નોનો જવાબ આપ્યો ન હતો. નિષ્ણાંતો સૂચવે છે કે, રાઈડ-હેલિંગ એપ્લિકેશન્સ હાર્ડવેર ડેટાને કેવી રીતે એક્સેસ કરે છે તેમાંથી અસમાનતા ઊભી થાય છે જેમાં વપરાશકર્તાઓએ એપ્લિકેશન ઈન્સ્ટોલ કરતી વખતે સંમતિ આપવી જરૂરી છે. ચેન્નાઈમાં રાઈડ-હેલિંગ પ્લેટફોર્મ ફાસ્ટ્રેકના મેનેજિંગ ડિરેક્ટર સી. એમ્બીગાપથીએ જણાવ્યું હતું કે, સેન્ટ્રલ સર્વર વપરાશકર્તાના ઉપકરણને અનુરૂપ ભાડાનો અંદાજ સરળતાથી જનરેટ કરી શકે છે. ડાયનેમિક પ્રાઈસિંગ એલ્ગોરિધમના ખુલાસા પાછળ છૂપાઈને હાર્ડવેર વિગતોના આધારે ભાડામાં ફેરફાર કરવો એ કંપનીઓ માટે રમતની વાત છે. તિરૂવનંતપુરમમાં સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કમ્પ્યુટિંગ (C-DAC)ના પૂર્વ વરિષ્ઠ ડિરેક્ટર પી. રવિકુમારે જણાવ્યું હતું કે, એગ્રીગેટર્સ પ્રાઈસિંગ એલ્ગોરિધમ્સને રિફાઈન કરવા માટે મશીન લર્નિંગ ફ્રેમવર્ક (Google Cloud AI y™u Azure ML) જેવા ઝડપી વિકાસ સાધનોનો ઉપયોગ કરવા માટે જાણીતા છે. આ સાધનો ગતિશીલ રીતે ભાડાંને સમાયોજિત કરવા માટે ઉપકરણ



પ્રકાર, એપ્લિકેશન ઉપયોગની આવર્તન અને શોધ પેટર્ન જેવા ચલોને સમાવી શકે છે. કેન્દ્ર સરકારની એગ્રીગેટર નીતિ ઘડવામાં સામેલ ઈન્ટેલિજન્ટ ટ્રાન્સપોર્ટ સિસ્ટમના નિષ્ણાતને જણાવ્યું હતું કે, ભાડામાં વધારો માત્ર ફોન મોડલ વચ્ચેના તફાવત પૂરતો મર્યાદિત નથી. તેમણે ધ્યાન દોર્યું કે, આ વારંવાર એપ્લિકેશન વપરાશકર્તાઓ અને તે જ ઉપકરણ ઉપર વારંવાર ભાડા તપાસનારાઓને પણ લાગુ પડે છે. નિષ્ણાતે જણાવ્યું હતું કે, આ પ્લેટફોર્મ્સ કિંમતોને ગતિશીલ રીતે સમાયોજિત કરવા માટે વપરાશકર્તા વર્તન પેટર્ન ઉપર આધાર રાખે છે. એમ્બીગાપથીએ ધ્યાન દોર્યું હતું કે, કંપનીઓ વપરાશકર્તાની વફાદારી અને વિશ્વાસને માપવા માટે ભૂતકાળના ડેટાનો લાભ લે છે. એકવાર તેઓ નિયમિત વપરાશકર્તાને ઓળખે છે, તેઓ ભાડામાં વધારો કરે છે, વિશ્વાસ છે કે, વપરાશકર્તા આખરે બુક કરશે, ભલે તેઓ ભાવ ઘટવાની રાહ જોતા હોય, જો કે, તેઓ ક્યારેય કરતા નથી. રવિકુમારે જણાવ્યું હતું કે, કંપનીઓ માટે તેમના પ્રાઈસિંગ મોડલ વિશે પારદર્શક બનવાનો સમય આવી ગયો છે. જો અંદાજિત સમય, અંતર અને રાઈડ મોડ્સ જેવા પરિબળો સુસંગત હોય તો વપરાશકર્તાઓને તેમના ઉપકરણના આધારે ભેદભાવનો સામનો કરવો ન જોઈએ.

# રાજ્ય સ્વાગતમાં મળેલી વિવિધ રજૂઆતો મુદ્દે મુખ્યમંત્રીની નિવારણ માટે સૂચના

ગાંધીનગર, તા.૨૮
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્ય સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમમાં નાગરિકોની વિવિધ રજૂઆતો પ્રત્યક્ષ સાંભળીને તેનું સ્થળ ઉપર નિવારણ લાવ્યા હતા. રાજ્ય સ્વાગતમાં વિવિધ વિભાગોની ૭૩ જેટલી રજૂઆતો આવી હતી તેમાંથી ૬૦ રજૂઆતો વિભાગોના વરિષ્ઠ અધિકારીઓએ સાંભળીને નિવારણની દિશામાં યોગ્ય કાર્યવાહી હાથ ધરી હતી. જે ૧૩ રજૂઆતો મુખ્યમંત્રી સમક્ષ આવી હતી તેમાં પણ સંબંધિત વિભાગના સચિવો, ખાતાના વડાઓ, વહિવટી તંત્રના અધિકારીઓ સાથે વિડિયો કોન્ફરન્સ દ્વારા ચર્ચા પરામર્શ કરીને નિવારણ કરીને આ રજૂઆતોનું નિવારણ લાવવામાં આવ્યું હતું. દર મહિનાના ચોથા ગુરૂવારે યોજવામાંર આવતા સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત મુખ્યમંત્રી સમક્ષ જે રજૂઆતો આવી હતી તેમાં મહેસુલ, પંચાયત, પોલીસ, શહેરી વિકાસ, શિક્ષણ, સહકાર જેવા વિભાગોનો સમાવેશ થયો

(અનુ. છઠ્ઠાપાને.)

# જોષીપરા સરદાર પટેલ શૈક્ષણીક સંકૂલ ખાતે 'વાર્ષિકોત્સવ એવં સિધ્ધીપ્રાપ્ત છાત્ર સન્માન' કાર્યક્રમ યોજાયો






જૂનાગઢ, તા.૨૮

જોષીપરા ખાતે આવેલ શ્રી સરદાર પટેલ શૈક્ષણિક સંકૂલ ખાતે બે દિવસીય વાર્ષિકોત્સવ અને તેજસ્વી વિદ્યાર્થિઓને બહુમાન કરવાનો કાર્યક્રમ શિક્ષણપ્રેમી મહાનુભાવોની ઉપસ્થિતીમાં આયોજીત થયો હતો. નિવાસી અને બિન નિવાસી વિદ્યાર્થીઓ માટે આયોજીત કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની સિધ્ધી પ્રાપ્તીને અગ્રણીઓએ શીલ્ડ એનાયતી કરી છાત્ર સન્માન કર્યુ હતુ. બિન નિવાસી સ્કુલ-કોલેજનાં વિદ્યાર્થીઓનાં વાર્ષિકોત્સવ કાર્યક્રમને દિપ પ્રાગ્ટયથી ખુલ્લો મુકતા ભકતકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કૂલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ હરીભાઇ ગોધાણિ કેમ્પસમાં અભ્યાસરત વિદ્યાર્થીનીઓને સંબોધતા જણાવ્યુ હતુ કે કન્યાકેળવણી ક્ષેત્રે ડો. હરીભાઇ ગોધાણીએ શરૂ કરેલ કાર્ય આજે વટવૃક્ષબની શિક્ષણક્ષેત્રે સુંદર કાર્ય કરે છે. મૃણાલીનબેન ગોધાણીનાં માર્ગદર્શન અને સંસ્થાનાં ચેરમેન અને મેનેજીંગ ટ્રસ્ટી એવં પ્રમુખ જે.કે.ઠેશીયાની પ્રેરણાથી ગ્રામિણ કૃષિકાર પરિવારની દિકરીઓ ઉચ્ચાભ્યાસ કરી તેજસ્વી કારકિર્દી નિર્માણ કરવા અભ્યાસ કરી ડો. હરીભાઇ ગોધાણીનાં સ્વપ્રને સાાકર કરી રહી છે. ડો. ત્રિવેદીએ ઉપસ્થિત મહાનુભાવો અને વિદ્યાર્થીઓને વાત કરતા જણાવ્યુ હતુ કે સાચું શિક્ષણ એ છે કે જે માત્ર સત્યનું દર્શન નથી કરાવતું એનો અમલ કરાવે છે એ પણ પુર્ણ રીતે ધ્યેયની પ્રાપ્તિ સુધી. શિક્ષણ એ અભ્યાસ માટે હોય તો એ વિદ્યા છે, આજીવિકાના સાધન તરીકે હોય તો એ કળા છે.શિક્ષણ પ્રાપ્ત કરવાના ત્રણ માઈલસ્ટોન છે. વધુ અભ્યાસ કરવો, નિરીક્ષણ અને અનુભવ કરવો અને વધુ વાંચન કરવું. શિક્ષણ એટલે વ્યક્તિનો સમાજોપયોગી વિકાસ કરવા માટેની સીડી. જેનો ઉદ્દેશ માત્ર જ્ઞાન સુધી જ સીમિત નથી પણ વ્યવહારમાં અમલ કરવા માટે પણ છે. શિક્ષણ એ છે જે તમને ભૂતકાળમાં જીવી ગયેલ મહાનુભૂતો સાથે એના વિચારો દ્વારા એ સમયમાં લઈ જઈ શકે છે.સંસ્કૃતિ, પ્રથા, રીતી-રીવાજો અને પરંપરાનું પાલન કરીને પણ એક નવા રસ્તે બદલાવ લાવી શકાય છે, માટે ખાસ સ્ત્રીઓનું શિક્ષણ સશક્તિકરણ ખુબ જરૂરી છે. બહેનો સંસ્કૃતિ અને પરંપરાનું રક્ષણ કરે છે કોઈ પણ દેશની પ્રગતિનો મુખ્ય આધાર છે તેની સારી કેળવણી છે. ભારતની સંસ્કૃતિમાં કેળવણી રૂપી છીપમાં પાકતું અણમોલ રત્ન હોય તો તે સ્ત્રી છે, આજે આ શિક્ષણધામરૂપી શ્રી સરદાર પટેલ એજ્યુકેશન સંચાલીત શૈક્ષણિક સંકુલમાં આયોજીત વાર્ષોકત્સવમાં વિદ્યાર્થીનીઓ દ્વારા આયોજીત રાસ, નાટક સહિત રજુ કૃતિઓ વિદ્યાર્થીનીઓ માટે પ્રેરણાપાથેય બને છે. કન્યાશિક્ષણનો વિકાસ પ્રગતિ માટે એક શુભ સંકેત છે. તેથી જ તો ગાંધીજીએ કહ્યું છે કે, 'શિક્ષણનો અર્થ છે કે બાળકનો શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક વિકાસ'. મહિલા શિક્ષણ ફક્ત આધુનિક સમાજની કે સમયની ઉત્પત્તિ નથી. પણ આપણા દેશની સાંસ્કૃતિક વિરાસત છે. પ્રસંગનાં પ્રારંભે ટ્રસ્ટી ચુનિભાઇ રાખોલીયાએ સ્વાગત પ્રવચન દ્વારા અતિથીઓને આવકાર્યા હતા. ટ્રસ્ટીગણ દ્વારા મહેમાનોનું સન્માન કરાયુ હતુ. મોટીવેશનલ સ્પીકર મનિષ વઘાસિયાએ વિદ્યાર્થીઓને જીવનોપયોગી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ.

# ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ.ભૈરવીબેન દિક્ષીતનું મહાભારત અને નાટ્યશાસ્ત્ર વિષયે વ્યાખ્યાન યોજાયું




જૂનાગઢ, તા.૨૮

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ખાતે સમયાંતરે વખતો વખત યોજાતા સંસ્કૃત વિશેષજ્ઞોના વ્યાખ્યાન સત્ર અંતર્ગત કુલપતિશ્રી પ્રો. (ડૉ) ચેતન ત્રિવેદીની પ્રેરણાથી ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ભૈરવીબેન દિક્ષીતનું વ્યાખ્યાન યોજાયું હતુ. વ્યાખ્યાનમાં ડો. દિક્ષીતે જણાવ્યું કે પ્રત્યેક વિદ્યાર્થીઓની અંદર અદભુત નિર્માણ શક્તિ પડેલી છે તેમને માત્ર યોગ્ય દિશા આપવાની જરૂર છે. આ વ્યાખ્યાનમાં મહાભારત અને નાટ્ય શાસ્ત્રની વિશેષ સમજ આપવામાં આવી. જેમાં મહાભારત અંતર્ગત ભીષ્મપિતામહનું જીવન-ચરિત્રની સમજ, મધુરાષ્ટકની અંદર પડેલા ગર્ભવિજ્ઞાનની ચર્ચા કરી સાથે સાથે પહેરવેશ ગમે તેવો હોય પણ વ્યક્તિની અંદર રહેલ ભારતીયતા અને સંસ્કારો મહત્વના છે, તેની ઉદાહરણ સહિત ચર્ચા કરી. હિન્દી તથા અન્ય ભાષાના ગીતો સંસ્કૃતમાં અનુવાદ કરીને ખૂબ સારી રીતે ગાઈ શકાય તેમ જણાવી વિદ્યાર્થીઓને એક નવી દિશા આપી. સંસ્કૃતના નાના નાના વાક્યોનો દૈનિક વ્યવહારમાં ઉપયોગ કરવો જોઈએ તેવી પ્રેરણા આપી અંતે દરેક નામના મૂળમાં કોઈને કોઈ સંસ્કૃત ધાતુ રહેલો છે, તેની ચર્ચા કરી ડૉ.ભૈરવી દિક્ષીતે અનુભવજન્ય જ્ઞાન વિદ્યાર્થીઓને પીરસી એક ચેતનાત્મક વાતાવરણ નિર્માણ કર્યું હતુ. જીવનવ્યવહારમાં આધુનિકતા અને પરંપરાનું સંતુલન એ અત્યંત આવશ્યક હોવા સાથે પરંપરાના ભોગે આધુનિકતાનો સ્વીકાર ન થવો જોઈએ. આ પ્રસંગે સંસ્કૃત ભવનના અધ્યક્ષ ડૉ.નિશિથ ધારૈયા દ્વારા સંસ્કૃત ભવનનો પરિચય તથા ભવન દ્વારા થતાં કાર્યોનો અહેવાલ આપવામાં આવ્યો તેમજ આ વ્યાખ્યાનમાં પારૂલબેન ભંડેરી સહિત સંસ્કૃત તથા ગુજરાતી અને ઈતિહાસભવનના અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા આ વ્યાખ્યાનસત્રનું સંચાલન સંસ્કૃત ભવનના અધ્યાપક અજય મહેતાએ કર્યું અને આભારવિધિ ડૉ. મૌલિક કેલૈયા દ્વારા કરવામાં અવ્યું હતું.

# માંગરોળ ખાતે એક અનોખા ભક્તિ સંગીતના 'હાલો હરીને દેશ' કાર્યક્રમનું આયોજન

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૨૮



માંગરોળ સ્થીત શ્રી સુજતન સદભાવ સરસ્વતી મંદિર, લીમડા ચોક, માંગરોળ ખાતે તારીખ ૨૬/૧૨/૨૦૨૪ને ગુરૂવાર ના રોજ સાંજે ૭:૦૦ કલાકથી ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર અને સપ્તક સંગીત વિદ્યાલય, જૂનાગઢ આયોજિત તથા મલ્હાર સંગીત વિદ્યાલય, માંગરોળના ઉપક્રમે ભક્તિ સંગીતના એક અનોખા કાર્યક્રમ 'હાલો હરી ને દેશ' કાર્યક્રમનું સુંદર અને સફળ આયોજન થયું, કાર્યક્રમમાં ગુજરાતના નામાંકીત કલાકારો વિપુલ ત્રિવેદી તેમજ નીરૂબેન દવે, દર્પિત દવે, અવધ ભટ્ટ તેમજ ધ્વનિત ત્રિવેદી એ ભક્તિ સભર રચનાઓની ખૂબ જ સુંદર પ્રસ્તુતિ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતાં તેમની સાથે વાદ્ય સંગતમાં ચિંતન લાઠિગરા, તુષાર સોની રિધમ લાઠીગરા તેમજ આદિત્ય ત્રિવેદીએ ખૂબ સુંદર સંગત કરી હતી,તેમની સાથે જ આપણાં સુપ્રસિદ્ધ લોક સાહિત્યકાર રાજુ ભટ્ટે પોતાની આગવી શૈલીથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમમાં મલ્હાર સંગીત વિદ્યાલયના કલાગુરૂ સુનિલ કાચા તેમજ તેમના વિદ્યાર્થીઓ કોમલ કરગઠીયા, વિજયા ભાદરકા, જયદીપ બારીયા તેમજ દિવ્યેશ સરવૈયાએ પણ ભક્તિ સભર રચનાઓ દ્વારા સંગીત રસિકોનો સુંદર પ્રતિભાવ જીલ્યો હતો તેમની સાથે વાદ્ય સંગતમાં અભય ગરેજા, પ્રિયાંશું કાચા, જનીલ ગોહેલ, માધવ તન્ના તેમજ માધવ કાગડાએ પણ સંગીત રસિકોની દાદ મેળવી હતી, કાર્યક્રમની શરૂઆત સુનિલ કાચા, જયદીપ બારીયા કોમલ કરગઠિયા વિજયા ભાદરકા દિવ્ય સરવૈયા, નિતેશ વાજા તેમજ માધવ તન્ના દ્વારા સમૂહ પ્રાર્થનાની પ્રસ્તુતિ કરવામાં આવી, કાર્યક્રમનું સંચાલન જાણીતા ઉદ્‌ઘોષક રમેશ જોષી દ્વારા તલસ્પર્શી માહિતી સાથે કરવામાં આવ્યું. સમારોહનું દીપ પ્રાગટ્ય અતિથિ વિશેષ વેલજીભાઈ મસાણી, માનસિંગભાઈ ડોડીયા, લીનેશભાઈ સોમૈયા તેમજ રાજેશ્વરીબેન મહેતાના હાથે કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં સર્વે સંગીત રસીકોએ શાસ્ત્રીય સંગીતની આહલાદકતાનો હૃદય સ્પર્શી અનુભવ કર્યો, સપ્તક સંગીત વિદ્યાલય અને મલ્હાર સંગીત વિદ્યાલય તેમજ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરી માંગરોળની કલા પ્રેમી જનતાને ભાવવિભોર કરી આપ્યા હતા.

# ખંભાળિયામાં ભરવાડ સમાજના છાત્રાલય માટે નોંધપાત્ર રકમનું અનુદાન સાંપડ્યું

## નૂતન ધ્વજારોહણ સાથે સંતવાણીમાં થયેલી ઘોર છાત્રાલય માટે અર્પણ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૮



ગાંધીનગરના નિજાનંદ ગ્રુપના ડાયાભાઈ ભરવાડ અને હીરાભાઈ ભરવાડ દ્વારા ભરવાડ સમાજ માટે એક નવી શૈક્ષણિક ક્રાંતિ માટે પગલું ભરવામાં આવ્યું છે. જે અંતર્ગત તાજેતરમાં દ્વારકા ખાતે ભગવાન શ્રી દ્વારકાધીશના ધ્વજારોહણ કાર્યક્રમ નિમિત્તે યોજાયેલા સંતવાણી કાર્યક્રમમાં પૂ. રાજેન્દ્રદાસબાપુ, શ્રી ૧૦૦૮ ઘનશ્યામપુરીબાપુ તથા અનેક સંતો અને મહંતોની ઉપસ્થિતિમાં આ સુંદર પ્રસંગ યોજાયો હતો.

આ કાર્યક્રમ દરમ્યાન 'સંતવાણી'માં થયેલી ઘોરની રકમ ખંભાળિયામાં ભરવાડ સમાજની નિર્માણાધીન કુમાર છાત્રાલય માટે અર્પણ કરવાનો સંકલ્પ કરી કરવામાં આવ્યો હતો. આ પવિત્ર સંકલ્પ દ્વારા હીરાભાઈ અને ડાયાભાઈ ભરવાડે સમાજને એક નવી દિશા દેખાડી છે. જેમાં વર્તમાન સમયમાં ધાર્મિક પ્રવૃત્તિઓ સાથે શૈક્ષણિક ક્ષેત્રે પ્રગતિ લાવવી અત્યંત જરૂરી છે. આ પહેલ માત્ર શૈક્ષણિક વિકાસ માટે જ નહીં, પરંતુ ભવિષ્યના સમાજ માટે પ્રેરણારૂપ ઉદાહરણ છે. "ધાર્મિક કાર્ય સાથે શૈક્ષણિક વિકાસનો સમન્વય" એ હવે સમયની માંગ છે. આ નવી શરૂઆત ભરવાડ સમાજ માટે મજબૂત પાયો ધરાવતું એક દિશાદર્શક પગલું સાબિત થશે, જે સમાજ માટે અનુસરવા યોગ્ય માર્ગ છે. તેવા પ્રતિભાવો વ્યક્ત કરવામાં આવ્યા હતા. ભરવાડ જ્ઞાતિના બાળકો માટેના આ કુમાર છાત્રાલયના નવનિર્માણમાં આ ઉપરાંત પણ નિજાનંદ ગ્રુપ તરફથી આ હોસ્ટેલમાં ખૂબ જ મોટો સહયોગ સાંપળ્યો છે. ત્યારે હીરાભાઈ ભરવાડ અને ડાયાભાઈ ભરવાડના અને સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભરવાડ સમાજ અને હોસ્ટેલના ટ્રસ્ટી મંડળ તરફથી ભરવાડ સમાજના શૈક્ષણિક ભવિષ્યની ચિંતા કરતા આ બંને મહાનુભાવોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ઉના તાલુકાના ગીરગઢડા કુમાર શાળામાં બાલ દિવસની ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૮



ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ૨૬ ડિસેમ્બરને વીર બાલ દિન જાહેર કરતા ગીર સોમનાથ જીલ્લાના સુચન સાથે જીલ્લા પ્રમુખ મહેન્દ્ર પીઠયાના માર્ગદર્શન હેઠળ ગીરગઢડા કુમાર શાળા ખાતે બાલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં દીકરીઓ દ્વારા તુલસી પુજન કરવામાં આવ્યું હતું સાથે વીર અભિમન્યુનાં પાત્ર સાથે નાટક ભજવી વીર બાલ શહીદોને યાદ કરવામાં આવ્યા હતા. શીખ ધર્મના દસમા ગુરૂ ગોવિંદસિંહજીના દીકરાઓ દ્વારા દેશ અને સંસ્કૃતિ રક્ષા કાજે મુગલ સેનાએ જીવતા દીવાલમાં ચણી દેવામાં આવ્ત આ બલિદાનની ગાથા યાદ કરાવી દેશ અને ધર્મ કાજે આ વીર બલિદાનની ગાથા આજની યુવા પેઢીમાં ઉજાગર કરવા આવી હતી જેમાં જીલ્લા મહામંત્રી બક્ષીપંચ મોરચામાંથી વકતા તરીકે વિનોદભાઈ બાંભણિયા વિશેષ માર્ગદર્શન આપ્યું હતું અને શાળા સંચાલક રાઠોડ તેમજ શિક્ષકો તેમજ રાજકીય આગેવાનો યુવા પ્રમુખ રાજુભાઈ વાળા, કુમારભાઈ, જયદિપભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# શિવરાજપુર બીચ ઉપર વોટર એક્ટિવિટીઝ અંગે કેબિનેટ મંત્રી દ્વારા બેઠક

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૮

દેવભૂમિ દ્વારકામાં આવેલા શિવરાજપુર બીચ તથા અન્ય સ્થળોમાં દરિયાકાંઠે વોટર સ્પોર્ટ્સના રજીસ્ટ્રેશન અંગે ઉપસ્થિત થયેલા પ્રશ્નો અંગે તાજેતરમાં આ વિસ્તારના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા દ્વારા વાહન વ્યવહાર નિગમના સંયુકત સચિવ તથા ગુજરાત મેરીટાઈમ બોર્ડના અધિકારી સાથે ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અહીં ઉપસ્થિત થયેલા પ્રશ્નોના તાકીદે નિકાલ અંગેની સૂચનાઓ આપવામાં આવી હતી. આ મિટિંગમાં અધિક જિલ્લા કલેક્ટર ભૂપેશ જોટાણીયા પણ ટેલીફોનિક માધ્યમથી જોડાયા હતા.

# જૂનાગઢ જીલ્લામાં યોગ અવોર્ડ પાત્રતા ધરાવનાર યોગ કોચ તથા યોગ ટ્રેનરોએ અરજી કરવી

જૂનાગઢ, તા.૨૮

ગુજરાત રાજયના રમત-ગમત, યુવા અને સાંસ્કૃયત્તિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર હેઠળના ગુજરાત રાજ્ય યોગ બોર્ડની સ્થાપના કરવામાં આવેલ છે, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આગામી વર્ષો દરમિયાન ૭૫૦ થી ૧૦૦૦ જેટલા યોગ કોચ તથા ૫૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ જેટલા યોગ ટ્રેનરો તૈયાર કરવાનું આયોજન છે, આ માટે રાજ્ય સ્તરે અને જિલ્લા સ્તરે સ્પર્ધાઓ કરી શ્રેષ્ઠ યોગ કોઓર્ડીનેટર રાજ્યકક્ષા, શ્રેષ્ટ યોગ કોચ જિલ્લાકક્ષા અને શ્રેષ્ઠ યોગ ટ્રેનર જિલ્લાકક્ષાને યોગ અવોર્ડ આપવાનું નક્કી કરેલ છે, તો જૂનાગઢ જીલ્લામાં કોઈ યોગ કોચ અને યોગ ટ્રેનર આ માટેની પાત્રતા ધરાવતા હોય તો તેમણે તા. ૭/૦૧/૨૦૨૫ સુધીમાં પોતાની અરજી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી જૂનાગઢ, બહુમાળી ભવન ૧/૧ , સરદારબાગ, જૂનાગઢ ખાતે મોકલી આપવાની રહેશે, વધારે માહિતી માટે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો કચેરી, જૂનાગઢ ખાતે રૂબરૂ અથવા ૦૨૮૫-૨૬૩૦૪૯૦ ઉપર સંપર્ક કરી માહિતી મેળવી શકાશે. તેમ જિલ્લો યુવા વિકાસ અધિકારી દ્વારા અખબારી યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢની બહાઉદીન કોલેજ ખાતે સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ, તા.૨૮



બહાઉદ્દીન આર્ટ્સ કોલેજ જૂનાગઢ અને મહિલા અને બાળ વિકાસ મંત્રાલય ગાંધીનગરના 'જેન્ડર રીસોર્સ સેન્ટર' દ્વારા 'સેતુ' પ્રકલ્પ અંતર્ગત બહાઉદ્દીન આર્ટસ કોલેજ ખાતે 'સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું હતું જેમાં વિદ્યાર્થીની બહેનોમાં આજકાલ સામાન્ય અને ગંભીર રીતે જોવા મળતી કેન્સરની બીમારી અંગે જાગૃતિ આવે તે ઉદ્દેશ્યથી સંસ્થા ખાતે આશીર્વાદ ફાઉન્ડેશન ના ડો. વર્ષાબેન રાદડીયા દ્વારા વિદ્યાર્થીનીઓને સ્તન કેન્સરના લક્ષણો, પરિક્ષણ અને નિદાન તેમજ સારવાર અને સ્તન કેન્સરથી બચવા માટેની સાવચેતીની માહિતી આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન 'સેતુ' પ્રકલ્પના કોર્ડીનેટર ડો.વી.ડી.કરમટા એ કર્યું હતું તેમજ કમિટીના સભ્યો ડો. બી.કે હુંમર, ડો. રચના વાઘેલા, ડો. જે.કે કાચા તેમજ ડો.આલોક વાઘેલાએ પૈણ જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમનાં અધ્યક્ષ અને સંસ્થાના વડા ડો.જે.આર વાંઝા સમગ્ર ટીમને તેમજ કોલેજ પરિવારને શુભેચ્છા પાઠવી હતી.

# સોમવારે સોમવતી અમાસનું મહત્વ

ઓમ નમઃ શિવાયના જપ કરવા જો કોઈ બિમારી હોય તો શિવલિંગ ઉપર ફક્ત જળ ચડાવવાથી દૂર થઈ શકે છે. માગશર વદ અમાસને સોમવાર તારીખ ૩૦ ડિસેમ્બરના દિવસે સોમવતી અમાસ છે ખાસ કરીને સોમવારે, બુધવારે અને શનિવારે આવતી અમાસનું મહત્વ વધારે હોય છે તેમાં પણ સોમવાર મહાદેવજીનો વાર હોવાથી સોમવતી અમાસનું મહત્વ વધી જાય છે. આ દિવસે પીપળે પાણી રેડવાથી અને પીપળાની પ્રદક્ષિણા ફરવાથી પિતૃઓને મોક્ષ ગતિ મળે છે. સોમવતી અમાસના દિવસે ગાયોને ઘાસ નાખવું ગરીબોને દાન આપવું પણ શુભ રહે છે. સોમવતી અમાસ આખો દિવસ હોવાથી આ દિવસે શિવજીને દૂધમાં કાળા તલ સાકરનો ભૂકો મિક્સ કરી શિવલિંગ ઉપર ચડાવું ત્યારબાદ જળ ચડાવું આમ કરવાથી ગ્રહ પીળા દૂર થશે. આ દિવસે પુરાણોક્ત રૂદ્ર અભિષેક બોલતા બોલતા પણ જળ ચડાવી શકાય છે. આ ઉપરાંત સોમવતી અમાસના દિવસે ઉપવાસ અથવા એકટાણું ખાસ રહેવું ઓમ નમઃ શિવાયના જપ કરવા.. જો કોઈ બીમારી હોય તો આ દિવસે શિવલિગ ઉપર ફક્ત માત્ર જળ ચડાવાથી જ બીમારી દૂર થઈ શકે છે.

- શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)

# રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા કમલમ ખાતે જીલ્લા કક્ષા તેમજ તમામ ૧૭ મંડલોમાં 'વીર બાલ દિવસ' ઉજવવામાં આવ્યો



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૮

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારત સરકારે તા.૯મી જાન્યુઆરી,૨૦૨૨ના રોજ ગુરૂ ગોવિંદ સિંધજીના પ્રકાશ પર્વ નિમિત્તે તા.૨૬મી ડિસેમ્બરના રોજને દસમા શીખ ગુરૂ ગોવિંદ સિંધજીના પુત્રો સાહિબજાદો બાબા જોરાવરસિંધ અને બાબા ફતેહસિંધજીની શહાદતની યાદમાં વીર બાલ દિવસ ને રાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવવા અંગેની જાહેરાત કરેલ. આ અંતર્ગત ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ તેમજ ગુજરાત પ્રદેશ કક્ષાએના આદેશોનુસાર, રાજકોટ જીલ્લા ભાજપ સંગઠન પ્રભારી ધવલભાઈ દવે તેમજ જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયાનીમાર્ગદર્શનમાં, ગુજરાત પ્રદેશ ભાજપ અ.જા. મોરચા પ્રમુખ ગૌતમભાઈ ગેડિયાના વકતા સ્થાને તેમજરાજકોટ જીલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયાની ઉપસ્થિતિમાં "શ્રી કમલમ" રાજકોટ જીલ્લા ભાજપ કાર્યાલયે જીલ્લાકક્ષાનો 'વીર બાલ દિવસ' ઉજવવામાં આવ્યો તેમજ આ વીર બાલ દિવસ અંતર્ગત ગુરૂ ગોવિંદસિંહની તથા તેમના પરિવારના બલિદાન અનેશહાદતની વીરતા દર્શાવતી મીની ડોક્યુમેન્ટરી ફિલ્મ સાથે પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત રાજકોટ જીલ્લાના નવનિયુક્ત તાલુકા/શહેર પ્રમુખઓનું ફૂલહાર તથાખેસ પહેરાવી અનેમ્હો મીઠા કરાવીને સન્માનસાથે અભિનંદન પાઠવ્યાહતા. આ કાર્યક્રમના જીલ્લા ઈન્ચાર્જ નવીનપરી ગૌસ્વામી, જીલ્લાસહ-ઈન્ચાર્જઓ દેવભાઈ કોરડીયા, રાજુભાઈ ગોંડલીયા તેમજ રાજકોટ જીલ્લા ભાજપ ઉપપ્રમુખઓ રાજુભાઈ ધારૈયા, પ્રફુલભાઈ ટોળીયા, રીનાબેન ભોજાણી, જીલ્લા મંત્રી બિંદીયાબેન મકવાણા, વલ્લભભાઈ શેખલીયા, વલ્લભભાઈ ઝાપડિયા, વિશાલભાઈ ફાગલીયા, જસ્મીનભાઈ પીપળીયા, મનોજભાઈ રાઠોડ, જીલ્લા કિસાન મોરચા પ્રમુખ વિનુભાઈ ઠુંમર, મહામંત્રી વલ્લભભાઈ રામાણી, જીલ્લા મહિલા મોરચાના પ્રમુખ સોનલબેન વસાણી, મહામંત્રી વર્ષાબેન ખુંટ, જીલ્લા અ.જા.મોરચા પ્રમુખ લાલજીભાઈ આઠું, મહામંત્રી નરોત્તમભાઈ પરમાર, જીલ્લા બક્ષીપંચ મોરચા મહામંત્રી અશોકભાઈ ચાવ, મંડલના નવનિયુક્ત પ્રમુખઓ, મહામંત્રીઓ, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયતના સભ્ય તથા જીલ્લા તેમજ મંડલ કક્ષાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ જીલ્લાના ઉપલેટા શહેર/તાલુકા, ભાયાવદર શહેર, ધોરાજી શહેર/તાલુકા, જેતપુર શહેર/તાલુકા, જામકંડોરણા તાલુકા, ગોંડલ શહેર/તાલુકા, કોટડાસાંગાણી, લોધિકા તાલુકા, રાજકોટ તાલુકા, પડધરી તાલુકા, જસદણ શહેર/તાલુકા, વિછીયા તાલુકામાં મંડલ કક્ષાનો "વીર બાલ દિવસ" કાર્યક્રમ યોજવામાંઆવ્યો. પ્રદેશ વક્તા ગૌતમભાઈ ગેડીયાએ ઉપસ્થિત મહાનુભાવોને વીર બાલ દિવસની માહિતી આપતા જણાવ્યું હતું કે, શીખોના દસમા ગુરૂ ગોવિંદ સિંહજીના પુત્રોના સન્માન માટે વીર બાલ દિવસ ઉજવવામાં આવે છે. દર વર્ષે ૨૬મી ડિસેમ્બરને વીર બાલ દિવસ તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસે તેમની બહાદુરી અને બલિદાનને યાદ કરવામાં આવે છે.

શીખોના દસમા ગુરૂ ગોવિંદસિંહજીને ચાર પુત્રો હતા. અજિતસિંહ, જુઝારસિંહ, જોરાવરસિંહ અને ફતેહસિંહ બધા ધર્મરક્ષાનો ભાગ હતા. આ દિવસે સાહિબજાદા જોરાવરસિંહ અને ફતેહસિંહ શહીદ થયા હતા. ૧૯૯૯માં ગુરૂ ગોવિંદસિંહજીએ સેનાની રચના કરી હતી. જેનું મિશન લોકોને જુલમથી બચાવવાનું હતું. આ સેનામુઘલ સામાજય માટે ખતરો હતા. ૧૭મી સદીમાં શીખોને આનંદપુર સાહિબમાંથી હાંકી કાઢવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ નિષ્ફળ ગયો હતો. થોડા સમય પછી, ૧૭૦૪માં શીખોએ કિલ્લો છોડવો પડયો. તેઓએ એક કરાર કર્યો કે જો ગુરૂ ગોવિંદ સિંહ આનંદપુર સાહિબ છોડશે, તો કોઈ યુદ્ધ નહીં થાય. પરંતુ ગુરૂ ગોવિંદસિંહ અને તેમના અનુયાયીઓ પર સારસા નદી પાસે હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં તેના બે પુત્રો શહીદ થયા હતા અને બાકીના પરિવારથી વિખૂટા પડી ગયા હતા. ઔરંગઝેબ અને તેના લોકો તલવારના જોરે ગુરૂગોવિંદ સિંહના બાળકોનો ધર્મ બદલવા માંગતા હતાપરંતુ તેઓ ઝૂક્યા નહીં અને તેમને દીવાલમાં ચણી દેવામાં આવ્યા.આપણને દસ શીખ ગુરુઓના મહાન યોગદાન અને દેશના સન્માનની રક્ષા માટે શીખ પરંપરાના બલિદાનની યાદ અપાવે છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત આજે "વીર બાલ દિવસ" ઉજવી રહ્યું છે. આ રાષ્ટ્ર માટે નવી શરૂઆતનો દિવસ છે જ્યારે આપણે બધા ભૂતકાળમાં આપેલા બલિદાન માટે માથું નમાવવા માટે ભેગા થઈએ છીએ. શહીદી સપ્તાહ અને વીર બાલ દિવસ ચોક્કસપણે લાગણીઓથી ભરપૂર છે પરંતુ તે અનંત પ્રેરણાનો સ્ત્રોત પણ છે." તેમ રાજકોટ જીલ્લા પ્રેસ મીડિયા ઈન્ચાર્જ રાજેશભાઈ ગોંડલીયા અને સહ-ઈન્ચાર્જ પ્રકાશભાઈ સોલંકીની યાદીમાં જણાવે છે.

# જૂનાગઢમાં વ્યાજખોરે પઠાણી ઉઘરાણી કરી મારમાર્યાની ૩ વિરૂધ્ધ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ, તા.૨૮

જૂનાગઢ શહેરના જોષીપરા શાક માર્કેટ વિસ્તારમાં શાકભાજીનો વેપાર કરતા યુવાને ૮૦ હજારના ૨ લાખ જેટલા રૂપિયા ચુકવી દીધા હોવા છતાં વ્યાજખોરે વધુ વ્યાજ માંગી મારમારી ધમકી આપ્યાની ફરીયાદ બી ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ મથકે અવીનાશભાઈ ઈશ્વરભાઈ સોલંકીએ હરદીપ કાઠી અને બે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીએ આશરે છએક મહિના અગાઉ હરદીપ કાઠી પાસેથી અલગ અલગ રીતે રૂા.૮૦ હજાર ૧૦ ટકા વ્યાજે લીધેલ હોય તેમાંથી આ રકમનું વ્યાજ તથા મુદલ મળી કુલ ૨ લાખ જેટલા ચુકવી આપેલ તેમજ ફરીયાદીએ એસબીઆઈ બેંકના ચેકો આપેલ છતાં પણ આરોપી હરદીપ કાઠીએ અલગ અલગ રીતે ફરીયાદી તથા સાહેદ પાસે આવી વધુ વ્યાજ સહિતની ૩૦ હજારની ઉઘરાણી કરી આરોપીઓએ લાકડા વડે મારમારી પઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**માંગરોળ : મહિલાનું મૃત્યું**

માંગરોળ થાણે મેરામણભાઈ ડાયાભાઈ મકવાણાએ જાહેર કરેલ કે પોતાના મૃતક પત્ની મંજુબેન (ઉ.વ.૫૦)મોટર સાયકલ પર બેસવા જતા પગ લપસતા નીચે પડી જતા માથાના ભાગે ઈજાઓ થતા સારવારઅર્થે માંગરોળ સિવિલમાં ખસેડાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યાનું જાહેર કરેલ છે.

# રોજગાર કચેરી અને જે. જે. કુંડલીયા કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે બાલભવન ખાતે મેગા જોબફેર યોજાયો

**ઈમિટેશન જવેલરી, ડેરી ટેકનોલોજી, પેટીએમ, ટાટા ઓટોકોમ્પ, સુઝુકી મોટર્સ, વીમા કંપનીઓ વગેરે ક્ષેત્રોમાં રોજગારી માટે રસ દાખવતા ૪૦૦૦થી વધુ ઉમેદવારો**





(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૮

રાજકોટના બાલભવન ખાતે જિલ્લા રોજગાર કચેરી અને શ્રીમતી જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે મેગા જોબફેરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો શુભારંભ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. ઉમેદવારોને અલગ અલગ જગ્યાએ ઈન્ટરવ્યૂ માટે જવું ના પડે અને સમયનો બચાવ થાય તેવા આશયથી એક જ જગ્યાએ આયોજિત મેગા જોબફેરમાં અલગ અલગ ૫૮ કંપનીઓ એક જ જગ્યા પર એકઠી થઈ હતી. આ જોબફેરમાં સામેલ થઈને રોજગાર મેળવવા માટે રોજગાર વિભાગ દ્વારા ૬ હજારથી વધુ નોંધાયેલા ઉમેદવારોને આમંત્રિત કર્યા હતા. તમામ ઉમેદવારોને આવવા-જવા માટે એસ. ટી.ના કૂપન પણ આપવામાં આવ્યા હતા. જોબફેરમાં ધોરણ ૧૦ પાસ થી લઈને માસ્ટર ડિગ્રી સુધીની લાયકાત ધરાવતા તમામ ઉમેદવારો માટે રોજગારીની તક ઊભી કરવામાં આવી હતી. આજના જોબફેરમાં ઈમિટેશન જવેલરી, ડેરી ટેકનોલોજિ, પેટીએમ, ટાટા ઓટોકોમ્પ, સુઝુકી મોટર્સ, વીમા કંપનીઓ વધુ જોવા મળી હતી. શ્રીમતી જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજના સ્થાપકશ્રી શ્રી લાભુભાઈ ત્રિવેદીના જન્મ શતાબ્દીના અવસર પર રકતદાન કેમ્પ અને મેગાજોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીમતી જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજના ટ્રસ્ટીશ્રી અલ્પનાબેન ત્રિવેદીએ પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, શ્રીમતી જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી જોબફેરનું આયોજન કરવામાં આવે છે. આજની તક તમામ વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાનું ઋણ ચૂકવવાનો અવસર છે. કોઈપણ જોબ નાની નથી હોતી પોતાની સાર્થકતા સાબિત કરવાનો અનેરો અવસર છે. યુનિવર્સિટીના વિવિધ કોર્ષમાં, રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, યૂથ ફેસ્ટિવલ સહિતની વિવિધ સ્પર્ધામાં ઉતિર્ણ થયેલ કોલેજના વિદ્યાર્થીઓને પ્રમાણ પત્ર, શિલ્ડ અને ચેક ઈનામરૂપે આપવામાં આવ્યા હતા.

**અમેરિકન ફેડરેશન ઓફ મુસ્લિમ ઓફ ઇન્ડિયન(આફમી)દ્વારા**

# ૩૪મો ઇન્ટરનેશનલ કન્વેન્શન અને ગાલા એવોર્ડનો બે દિવસીય કાર્યક્રમ નંદાસણમા




અમદાવાદ,તા.૨૮

અમેરિકન ફેડરેશન ઓફ મુસ્લિમ ઓફ ઇન્ડિયન (આફમી) દ્વારા ૩૪મો ઇન્ટરનેશનલ કન્વેન્શન અને ગાલા એવોર્ડનો બે દિવસીય કાર્યક્રમ તારીખ ૨૮ અને ૨૯ ડિસેમ્બરના રોજ ડો.નાકાદાર ઇન્સ્ટિટ્યૂટ ઓફ નોલેજ નંદાસણ ખાતે યોજવામાં આવેલ છે. જેમાં દેશભરના વિવિધ રાજ્યોના તેજસ્વી વિદ્યાર્થીઓને ગોલ્ડ,સિલ્વર અને બ્રોન્ઝ મેડલ એનાયત કરી સન્માનિત કરવામાં આવશે

અમેરિકન ફેડરેશન ઓફ મુસ્લિમ ફ્રોમ ઇન્ડિયા દ્વારા આયોજિત ઇન્ટરનેશનલ કન્વેન્શન એન્ડ ગાલા એવોર્ડ કાર્યક્રમ અંગે વધુ માહિતી આપતા આફમીના આગેવાનોએ જણાવ્યું હતું કે, દેશના ૧૮ રાજ્યના ૯૩ જેટલા એસએસસી અને એચએસસીના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવશે જેમાં ગુજરાતના છ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

આ સંદર્ભે અમેરિકન ફેડરેશન ઓફ મુસ્લિમ ઓફ ઇન્ડિયન(આફમી)ના ડા. અબ્દુલ રહેમાન નાકાદારે જણાવ્યું હતું કે ભારતમાં મુસ્લિમોનું શિક્ષણનું સ્તર ઊંચું લાવવાના હેતુથી ૧૯૮૮માં સંસ્થાની સ્થાપના કરી હતી.ડૉ. નાકાદર ઇન્સ્ટિટ્યૂટ ઑફ નોલેજ ડૉ. નાકાદર ચેરિટેબલ ટ્રસ્ટનું એક એકમ કડી તાલુકા,નંદાસણ ગામમાં કાર્યરત છે,જે એક અનન્ય શિક્ષણ અંગ્રેજી માધ્યમ સંસ્થા છે. જે નર્સરીથી ધોરણ XII સુધીના બાળકોને શિક્ષણ પૂરું પાડે છે.

તેમણે જણાવ્યું હતું કે,છેલ્લા ૩૨ વર્ષથી તેજસ્વી વિદ્યાર્થીઓને શિક્ષણ આગળ વધારવા શિષ્યવૃત્તિ તેમજ લોન સહાય સંસ્થા તરફથી પુરી પાડવામાં આવે છે. એટલુંજ નહીં પરંતુ બાળકો સ્વનિર્ભર બને તે હેતુંથી ટેકનિકલ અભ્યાસક્રમો ,વોકેશનલ ગાઈડ ની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

આ પ્રસંગે અમેરિકન ફેડરેશન ઓફ મુસ્લિમ ઓફ ઇન્ડિયન (આફમી)ના ઉદ્યોગપતિ- બાબુભાઈ, પ્રોફેસર ડો. લુકમાન ખાન, વાયુસેનાના નિવૃત્ત મોહમદ અલી કુરેશી,મોહમદ શફી લોખંડવાલા વગેરે પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે આજે શિક્ષણ ઈન્સ્ટિટ્યૂટમાં હિજાબ, દાઢી સહિતના જે પ્રશ્નો ઉભા થયા છે તે સમસ્યાનો સમાધાન લઘુમતીઓએ પોતાની ઈન્સ્ટિટયૂટ ઊભી કરવાની જરૂર છે તેમાં તમામ પ્રશ્નોના સમાધાન થઈ શકે છે.

તેમણે જણાવ્યું હતું કે,જે બાળક મદ્રેસા,દારૂલઉલુમ જેવી સંસ્થામાં અભ્યાસ કરે છે,તે પછી એ બાળક મોર્ડન એજ્યુકેશનમાં આવશે તો તેં પ્રમાણિકતા થી પોતાની ફરજ બજાવશે . દેશમાં કયાય પણ બહાદુરીપૂર્વક કામ કરી કોઈની જાન બચાવી હશે તેવા બહાદૂરોનું પણ રોકડ ૫૦હજારનો પુરસ્કાર આપી સન્માનિત કરવાનું ભગીરથ કામ પણ સંસ્થાએ ઉપાડ્યું છે.

# પ્લાસવા-વીજાપુર રોડ પર રીક્ષા હડફેટે બાઈક ચાલકનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ, તા.૨૮

પ્લાસવાથી વીજાપુર રોડ પર પીયાગો રીક્ષા હડફેટે બાઈક ચાલકને ગંભીર ઈજાઓ થતા મોત થયાનું જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે ચંદ્રીકાબેન રાજેશભાઈ ડાબસરાએ પિયાગો રીક્ષા નં.જીજે-૦૭-ટીટી-૩૪૫૪ના ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીનો દિકરો અંકીત (ઉ.વ.૨૪) પોતાની મોટર સાયકલ નં.જીજે-૧૧-એનએન-૭૭૮૯વાળી લઈ પ્લાસવાથી વીજાપુર જતો હોય દરમ્યાન આરોપી રીક્ષા ચાલકે પોતાના રીક્ષા ગફલત રીતે ચલાવી ફરીયાદીના દિકરા અંકિતને હડફેટે લઈ છાતીના ભાગે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી સારવાર દરમ્યાન મોત નિપજાવ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વંથલીના ખોખરડા ફાટક નજીક રીક્ષા પલ્ટી મારી જતા વૃધ્ધનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ, તા.૨૮

વંથલી નજીક ખોખરડા ફાટક પાસે રીક્ષાનું ટાયર ફાટતા રીક્ષા પલ્ટી મારી જતા વૃધ્ધનું મોત થયાનું વંથલી પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસ મથકે સીકંદરભાઈ ઈકબાલભાઈ ચડીયાએ રીક્ષા નં.જીજે-૧૨-યુ-૮૫૪૩ના ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપી રીક્ષા ચાલકે પોતાની રીક્ષા પુરપાટ ઝડપી અને બેફીકરાઈથી ચલાવતા રીક્ષાનું ટાયર ફાટતા રીક્ષા ઉંધી પડી જતા રીક્ષામાં બેસેલ પેસેન્જરો તથા ફરીયાદીને શરીરે નાની મોટી ઈજાઓ કરી તેમજ ફરીયાદીના નાના અલીભાઈ અબ્દુલભાઈ શેખ(ઉ.વ.૮૦)ને માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મટાણા ગામના પાધેશ્વરી આશ્રમ ખાતે શ્રી રામ ચરિત માનસ નવાનહ પારાયણ તથા જનરલ ચેકઅપ કેમ્પનું આયોજન




(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૮

સુત્રાપાડા તાલુકાના મટાણા ગામે આવેલ શ્રીપાધેશ્વરી આશ્રમ ખાતે શ્રી રામ ચરિત માનસ નવાનહ પારાયણ તથા જનરલ ચેકઅપ કેમ્પનું મહંત શ્રી કરસનદાસ બાપુ (ઉપવાસી) દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આ કાર્યક્રમને રૂપરેખામાં કથા પ્રારંભ તા.૩-૧-૨૫ પોષ સુદ ૪ને શુક્રવાર સવારે ૧૦ કલાકે, પોથી યાત્રા સવારે શુભ ચોઘડિયે, શિવ પાર્વતી વિવાહ તા.૫-૧-૨૫ને રવિવાર, શ્રી રામ જન્મ તા.૭-૧-૨૫ને મંગળવાર, શ્રી રામ વિવાહ તા.૯-૧-૨૫ને ગુરૂવાર, શ્રી રામેશ્વર સ્થાપના તા.૧૦-૧-૨૫ને શુક્રવાર, શ્રી રામ રાજ્યાભિષેક તા.૧૧-૧-૨૫ ને શનિવાર તથા કથા વિરામ તા.૧૧-૧-૨૫ને શનિવાર તથા કથાનો સમય દરરોજ સવારે ૧૦થી બપોરે ૨ વાગ્યા સુધી રહેશે. જેમાં જનરલ ચેકઅપ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જય અંબે મલ્ટીશ્યાલીટી હોસ્પિટલ દ્વારા ફ્રી નિદાન કેમ્પ તા.૫-૧-૨૫ને રવિવારના રોજ યોજાશે. જેમાં આંખ વિભાગ દાંત વિભાગ અને જનરલ ચેક અપના દર્દીઓને તપાસ કરવામાં આવશે અને વિનામૂલ્યે દવા આપવામાં આવશે.


અને કથા પૂર્ણ થયા બાદ બપોરે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તો આ કથાનો આનંદ લેવા અને જનરલ ચેકઅપ કેમ્પનો લાભ લેવા લોકોને અહીંના મહંત શ્રી કરસનદાસ બાપુ(ઉપવાસી) ગુરૂ શ્રી દલપતરામ બાપા દ્વારા અનુરોધ કરાયો છે.

## :: અવસાન નોંધ ::

જૂનાગઢઃ સુરેશભાઈ લક્ષ્મણભાઈ ચાવડા તથા જયેશભાઈ લક્ષ્મણભાઈ ચાવડાના માતુશ્રી સ્વૅ મંજુલાબેન લક્ષ્મણભાઈ ચાવડાનું દુઃખદ અવસાન તા.૨૭-૧૨-૨૦૨૪ને શુક્રવારના રોજ થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણુ તા.૩૦-૧૨-૨૦૨૪ને સોમવારે સાંજના ૪ થી ૬ તેમના નિવાસસ્થાન રૂદ્રાક્ષ સહજાનંદ સોસાયટી, શેરી નંબર-૨, એસ.ટી બસ સ્ટેન્ડ પાછળ, જોષીપુરા, જૂનાગઢ ખાતે રાખેલ છે.

માણાવદર : સોરઠીયા વાણંદ પરમાર જમનાદાસ ટપુભાઈ (ઉ. વ. ૮૫)અ(મૂળકોઠડી ) તે મગનભાઈ, નિતેશ ભાઈનાં પિતાશ્રી તેમજ કાંતિભાઈ, બાબુભાઈ, મનસુખભાઈ, અરવિંદભાઈ તથા નિલેશભાઈનાં કાકાનું તા. ૨૭/૧૨/૨૪નાં રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૩૦/૧૨/૨૪નાં રોજ, ખોડિયાર મંદિર, બાવા વાડી, માણાવદર ખાતે ૪થી ૬ રાખેલ છે.

# જૂનાગઢના પુર્વ કેન્દ્રીય નિયામક સ્વ.વી.જે.પટેલની પુણ્યતિથી નિમીતે ગાયોને લાડુ ખવડાવાયા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

ગુજરાત કૃષિ યુનિ. જૂનાગઢના પૂર્વ કેન્દ્ર નિયામક સ્વ. વિ.જે. પટેલની પૂણ્યતિથિ નિમત્તે તા.૨૩-૧૨-૨૪ના રોજ બાપા સીતારામ ગૌ સેવા મંડળ, જીનીયસ સ્કૂલ પાસે, ખલીલપુર રોડ, જોશીપુરા, જૂનાગઢની ગૌશાળામાં ગાય માતાજી માટે લાડવા તૈયાર કરાવી ખવડાવવામાં આવ્યા તેમજ વિકલાંગ સંસ્થા, જૂનાગઢમાં ભોજન-પ્રસાદ માટેનું દાન આપી પી.વી. પટેલ તથા કુટુંબીજનો દ્વારા ગૌ સેવા તથા અન્ન દાનની સેવા કરવામાં આવેલ હતી.

torrent POWER DNHDD

**જાહેર નોટિસ**

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડના વીજ પુરવઠાનું વહન કરતી વિવિધ ઓવર હેડ લાઈન (એલ.ટી. તથા એચ.ટી.)ની સાથે અથવા વીજ પોલના માધ્યમથી ઘણી જગ્યા એ ગેરકાયદેસર રીતે INTERNET, CABLE TV, FIBER OPTIC અને અન્ય લાઈનના કેબલોનું નેટવર્ક હોવાનું માલુમ પડ્યું છે. આવું વીજ લાઈન સિવાયનું અન્ય નેટવર્ક દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડના વીજ વહન કરતા ઈલેક્ટ્રિક નેટવર્ક સાથે હોવું અત્યંત જોખમી છે જે મોટા વીજ અકસ્માતનું કારણ બની શકે છે. જે કોઈ સંસ્થાનું કે વ્યક્તિગત ઉપર જણાવેલ કેબલ નેટવર્ક હોય તો તાત્કાલિક ધોરણે તેને વીજ પોલ ઉપર થી દૂર કરવા વિનંતી કરીએ છીએ. ઉપરોક્ત નેટવર્કને દૂર કરતા પહેલા દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડના કસ્ટમર કેર નંબર 9099991912, 1800-233-9500, 19126, 1800-270-5551 ઉપર જાણ કરવા વિનંતી જેથી સલામત રીતે વીજ પોલ ઉપરથી આવા નેટવર્કને દૂર કરી શકાય. દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડની વીજ લાઈન ઉપરના ગેરકાયદેસર રીતે INTERNET, CABLE TV, FIBER OPTIC કે અન્ય લાઈનના કેબલોને લીધે કોઈ અકસ્માત કે જાનહાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે કેબલ / નેટવર્ક ધારકની રહેશે.

આપની સેવા માં હરહંમેશ હાજર
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

**પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન**

SLRs અને Vps કમ્પાર્ટમેન્ટ્સ લિઝીંગ પર આપવા માટેના કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી

ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા ભાવનગર ડિવિઝન થી ઉપડતી ટ્રેનોના SLRs અને Vps કમ્પાર્ટમેન્ટ્સ લિઝીંગ પર આપવા માટેના કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી આમંત્રિત કરે છે. હરાજી IREPS વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવેલ છે. વિગતો નીચે મુજબ છે.

કોન્ટ્રાક્ટનો પ્રકાર : પાર્સલ સ્પેસનું લિઝીંગ    કેટલોગ સં : LEASE-2024-18

સ્થળ અને સંપત્તિની વિગત

SLR ની 3.9/04 ટન પાર્સલ જગ્યા અને VPs ની 23/24 ટન પાર્સલ જગ્યાના લીઝ કરાર માટે હરાજી:

| ક્ર. નં. | ટ્રેન નં. | કમ્પાર્ટમેન્ટ | આવૃત્તિ | અહીં થી | અહીં સુધી |
|---|---|---|---|---|---|
| 1 | 09565 | F/I SLR | દૈનિક | PBR (પોરબંદર) | BVC (ભાવનગર ટર્મિનસ) |
| 2 | 09566 | F/I SLR | દૈનિક | BVC (ભાવનગર ટર્મિનસ) | VRL (વેરાવળ) |
| 3 | 09567 | F/I SLR | દૈનિક | VRL (વેરાવળ) | BVC (ભાવનગર ટર્મિનસ) |
| 4 | 09568 | F/I SLR | દૈનિક | BVC (ભાવનગર ટર્મિનસ) | PBR (પોરબંદર) |
| 5 | 20968 | R/ISLR | મંગળવાર | PBR (પોરબંદર) | SC (સિકંદરાબાદ જં.) |
| 6 | 11465 | FSLR | સોમવાર & શનિવાર | VRL (વેરાવળ) | JBP (જબલપુર) |
| 7 | 19319 | FSLR | બુધવાર | VRL (વેરાવળ) | INDB (ઈન્દોર) |
| 8 | 20968-20967 | VPU | મંગળવાર & બુધવાર | PBR (પોરબંદર) | SC (સિકંદરાબાદ જં.) |

(1) ઈ-ઓક્શનની તારીખ 02.01.2024ના રોજ 11:00 કલાકથી શરૂ થશે.
(2) હરાજીમાં ભાગ લેવા માટે IREPSઈ-હરાજી લિઝીંગ પોર્ટલ પર નોંધણી જરૂરી છે.
(3) વધુ વિગતો માટે www.ireps.gov.in પર લોગ ઈન કરો.

162

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# જૂનાગઢમાં પીએમજેવાય યોજનામાં ખોટું થયું હશે તો કડક પગલા લેવાશે : આરોગ્ય મંત્રી

## દર્દીઓ માટેની અસુવિધાઓ જરાપણ ચલાવી લેવામાં નહીં આવે તેવી સ્પષ્ટ ચેતવણી અપાઈ જૂનાગઢ જીલ્લા આરોગ્ય વિભાગનાં સીડીએચઓ પણ આજે ગેરહાજર ?






જૂનાગઢ તા. ૨૮

ગુજરાત રાજયનાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ આજે જૂનાગઢની મુલાકાત દરમ્યાન જણાવ્યું હતું કે પીએમજેવાય યોજનામાં ખામી હોવાનો સ્વીકાર કરી અને જો પૈસા વધુ દેવાયા હશે તો કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ તેઓએ આપ્યો હતો.

ખ્યાતિ હોસ્પીટલનાં બહુ મોટા કૌભાંડ બહાર આવ્યા બાદ ગુજરાત રાજયની તમામ જીલ્લાની ખાનગી હોસ્પીટલોમાં આયુષ્યમાન કાર્ડની યોજના અંતર્ગત જે કામગીરી થઈ છે તેની તપાસ માટેનાં આદેશો જારી કરવામાં આવેલ છે. જૂનાગઢ શહેરમાં પણ પીએમજેવાય યોજનામાં ભારે મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની સનસનીખેજ વિગતો ઉચ્ચ કક્ષાએ પણ મોકલવામાં આવી હતી. અને એક અહેવાલ અનુસાર જૂનાગઢમાં પીએમજેવાય યોજના અંતર્ગત ૭૯ હોસ્પીટલમાં માત્ર પાંચ મહીનામાં જ રૂા. ૪૦ કરોડનાં બિલ મુકાયા છે અને જેમાંથી રૂા. ૩૨.૩૯ કરોડનું તો ચુકવણું પણ થઈ ગયું છે. આ રૂા. ૪૦ કરોડમાંથી જે રૂા. ૩૨.૩૯ કરોડનું ચુકવણું કરાયું છે તેમાંથી રૂા. ૧૫ કરોડ તો માત્ર ૩ કેન્સરોની હોસ્પીટલોને ચુકવી દેવામાં આવ્યા હોવાનું બહાર આવેલ છે. ત્યારે જૂનાગઢ ખાતે પીએમજેવાય યોજના અંતર્ગત ભારે મોટો ગોટાળો થયો હોવાની આશંકા ઉભી થવા પામી છે. જે અંગેનાં તપાસનાં આદેશો છુટયા બાદ કલેકટરશ્રીનાં માર્ગદર્શન હેઠળ એક ટીમ જેની તપાસ ચલાવી રહી છે અને અહેવાલ પણ તૈયાર કરવામાં આવી રહયો છે. ખ્યાતિ હોસ્પીટલ બાદ ગુજરાતની અન્ય શહેરોની કેટલીક હોસ્પીટલોમાં પણ પ્રધાન મંત્રી આયુષ્ય કાર્ડ અંતર્ગત ભારે મોટા કૌભાંડો થયા હોવાની ચર્ચા ઉઠી છે ત્યારે જૂનાગઢમાં પણ આયુષ્યમાન કાર્ડ યોજનામાં ખોટુ થયું હોવાની આધારભુત ચર્ચાઓ ઉઠવા પામી છે. અને મોટુ કૌભાંડ બહાર આવવાની શકયતા નકારી શકાતી નથી. દરમ્યાન આ જ ટાંકણે આજે રાજયનાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ જયારે જૂનાગઢની મુલાકાતે આવી પહોંચ્યા હતાં અને સિવીલ હોસ્પીટલની મુલાકાત દરમ્યાન આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલને પત્રકારોએ જૂનાગઢ ખાતે પીએમજેવાય યોજના અંતર્ગત કૌભાંડ થયું હોવાની આશંકા વ્યકત કરી અને આ અંગે પ્રશ્ન કરતાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે પીએમજેવાય યોજનામાં ખામી છે. અને હાલ જૂનાગઢમાં પીએમજેવાય યોજના અંતર્ગત જે કામગીરી કરવામાં આવી છે તેની તપાસ ચાલી રહી છે. કલેકટરનાં માર્ગદર્શન હેઠળ એક ટીમ દ્વારા ઉલટ તપાસ લેવાઈ રહી છે અને ૧૪૦૦ જેટલા દર્દીઓની પુછપરછ પણ કરવામાં આવી છે. એટલું જ નહી તેઓએ આડકતરો નિર્દેશ પણ આપ્યો હતો કે જો વધારે પૈસા ચુકવાયા હશે તો જવાબદારો સામે કડક કાર્યવાહીનો નિર્દેશ આપ્યો હતો. દરમ્યાન પ્રાપ્ત વિગતો અનુસાર આજે જયારે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ જૂનાગઢની મુલાકાતે આવી રહયા હતાં તેનો નિર્ધારીત કાર્યક્રમ હોવા છતાં પણ મનપાનાં હેલ્થ ઓફીસર તેમજ જૂનાગઢ જીલ્લા આરોગ્ય વિભાગનાં સીડીએચઓ પણ આજે ગેરહાજર હોવાનું જાણવા મળે છે.

# ભવનાથ, સાસણ અને સોમનાથ ખાતે પ્રવાસીઓનો ભારે ઘસારો




જૂનાગઢ તા. ૨૮

૨૦૨૪નું વર્ષ ઝડપભેર અંતિમ પડાવ તરફ આગળ વધી રહેલ છે અને નવા વર્ષનાં આગમનને હવે ગણતરીનાં કલાકો બાકી રહયા છે ત્યારે સૌરાષ્ટ્રનાં ફરવાલાયક તમામ વિસ્તારોમાં પ્રવાસી જનતા મોટી સંખ્યામાં ઉમટી પડી છે. જૂનાગઢ નજીક આવેલા ભવનાથ અને ગિરનાર ક્ષેત્રમાં પણ દૂર દૂરથી પ્રવાસીઓ આવી રહયા છે. અને ભવનાથ વિસ્તાર પ્રવાસી જનતાથી ભરચકક જોવા મળી રહયો છે. તો આ સાથે જ સિંહોનાં દર્શન માટેનું હોટફેવરીટ એવા સાસણ ગીરમાં પણ પ્રવાસીઓનો માનવ મહેરામણ ઉમટી પડયો છે. તેમજ ગીર સોમનાથ જીલ્લાનાં પ્રખ્યાત યાત્રાધામ સોમનાથ મહાદેવનાં દર્શને પણ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા છે.

સૌરાષ્ટ્રમાં ખાસ કરીને જૂનાગઢ જીલ્લો અને તેનાં આસપાસમાં આવેલા ફરવાલાયક સ્થળોએ નાતાલ પર્વનાં સમયે અને વેકેશનનાં સમયમાં મોટી સંખ્યામાં પ્રવાસી જનતા આવતી હોય છે. જૂનાગઢ ખાતે આવેલા ઐતિહાસીક ઉપરકોટ, મહાબત મકબરા, સકકરબાગ પ્રાણી સંગ્રહાલયની પ્રવાસી જનતા મુલાકાત લે છે. આ ઉપરાંત ગિરનાર ક્ષેત્રનાં ધાર્મિક સ્થળો અંબાજી માતાજી મંદિર, ભવનાથ તિર્થધામ વગેરે સ્થળોએ પણ લોકો મુલાકાત લઈ દર્શનનો લાભ લેતા હોય છે. રોપ-વે થયા બાદ પ્રવાસીઓની સંખ્યામાં ભારે વધારો જોવા મળે છે. આગામી તા. ૩૧ ડીસેમ્બર એટલે કે થર્ટી ફસ્ટનાં આગમન ટાંકણે જૂનાગઢ, ભવનાથ, ગિરનાર ક્ષેત્ર, સાસણ, સોમનાથ અને દિવ સહીતનાં ક્ષેત્રોમાં પ્રવાસીઓનાં ટોળેટોળા ઉમટી પડયા છે અને ભારે માનવ મહેરામણ બહારથી સતત આવી રહયો છે. જેને લઈને રીસોર્ટ, હોટલ, ફાર્મહાઉસ વગેરેમાં પણ હાઉસફુલ જોવા મળી રહયું છે. ગીરના જંગલમાં સિંહદર્શન કરવા માટે પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી રહી છે.

## જૂનાગઢ શહેરની આશિયાના સોસાયટીમાં શોર્ટ સર્કિટથી આગ લાગી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ શહેરની આશિયાના સોસાયટીના એક ઘરમાં શોર્ટ સર્કિટથી આગ લાગી હતી. સદનસીબે કોઈજાનહાની થઈ ન હતી. ફાયરની ટીમ તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી ૧૫૦૦ લીટર પાણીનો માર ચલાવી આગ કાબૂમાં લીધી હતી. મનપા ચીફ ફાયર ઓફીસર દિપક જાનીએ જણાવ્યું કે, જૂનાગઢ શહેરની આસિયાના સોસાયટી, કેસરીનંદન હનુમાનજીના મંદિર પાસે, શેરી નંબર ૧, બ્લોક નં B ૨૩ મકાનમાં સવારે શોર્ટ સર્કિટ કે કોઈ કારણોસર આગ લાગી હતી. જેની જાણ ફાયરની ટીમને કરતા ગાડી નંબર ૧૩૦૪માં લીલાભાઈ, ડીએફઓ, એસટીઓ, એસઓ, ફાયરમેન તેમજ રાહુલ રાજયગુરૂ મળી પાંચનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી તાત્કાલિક પાણીનો માર ચલાવ્યો હતો. આશરે ૧૫૦૦ લીટર પાણીનો માર ચલાવી અડધી કલાકના સમયમાં સંપૂર્ણ આગને કાબૂમાં લીધી હતી. ઉલેખનીય બાબત એ છે કે, ઘરમાં રહેલ ફ્રીજ, ટીવી સહિતના સામાન આગમાં બળી ગયો હતો. પરંતુ કોઈ જાનહાની થઈ ન હતી. આમ, ફાયરની ટીમે તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી આગને કાબૂમાં લીધી હતી.

## જૂનાગઢમાં ખાનગી બસમાં ખોટી નંબર પ્લેટ લગાડીને સરકારને આર્થિક નુકશાન પહોંચાડવા અંગે ગુન્હો દાખલ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢમાં ખાનગી બસના માલીકે ખોટી નંબર પ્લેટ બનાવીને સરકારને આર્થિક નુકશાન પહોંચાડી ગુન્હો કર્યો હોવાનો બનાવ બનવા પામેલ છે.

આ અંગે એ ડીવીઝન પોલીસે આપેલી વિગતોઅનુસાર જસદણ તાલુકાના ગોખલાણા ગામના મુળ રહેવાસી અને હાલ યશોદા પાર્ક, મીરાનગર જૂનાગઢ ખાતે રહેતા વનરાજભાઈ નાનજીભાઈ મુંધવા ભરવાડ(ઉ.વ.૨૬)એ બ્લુ કલરની બસના માલીક તેમજ તપાસમાં ખુલે તે તમામ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, બ્લુ કલરની બસના માલીકએ પોતાની માલીકીની બસમાં આર.ટી.ઓ રજી નંબર GJ 11 Z 0663 HSRP નંબરની ખોટી નંબર પ્લેટ કોઈ પણ રીતે બનાવી પોતાની બસમાં આગળ પાછળ નંબર પ્લેટ લગાડી નંબર પ્લેટ ખોટી હોવાનુ પોતે જાણતો હોવા છતાં પોતાના ફાયદા માટે સાચા તરીકે ઉપયોગ કરી સરકારમાં ભરવાનો થતો ટેક્ષ નહી ભરી સરકારને આર્થિક નુકશાન પહોંચાડયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ ઈન્ચાર્જ પીઆઈ એમ.સી.પટેલે હાથ ધરી છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ધમાકા એક્ષચેન્જ ઓફર

તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ

આ ઓફર ટુંક સમયમાં માટે જ છે




PARDAWALA

- શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?

જો હા... તો હવે

જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.

સી.સી. પડદાવાલા

PARDAWALA તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૯ ૫૪૧૫૫

(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)

Since 1983

શંખ બ્રાન્ડ મસાલા

ગાયત્રી મસાલા

મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો




આપના આદર્શો અને આપે કંડારેલા પથ પર ચાલતાં અમે અસીમ ગૌરવ અનુભવીએ છીએ.



ધીરુભાઈ હીરાચંદ અંબાણી

ફાઉન્ડર ચેરમૅન – રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

ડિસેમ્બર ૨૮, ૧૯૩૨ – શાશ્વતી

એક નિર્ભિક, નુતન ભાવિના પંથે અમારી આગેકૂચમાં અમારું સતત પથદર્શન કરી રહ્યો છે આપનો વારસો.

Reliance Industries Limited Growth is Life | Jio

www.ril.com